

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 020
Dt.: 28-09-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# PM મોદીએ એકસાથે ૯૭ હજાર મોબાઈલ ટાવરનું લોકાર્પણ કર્યું

## સ્વદેશી BSNL 4G નેટવર્ક લૉન્ચ: BSNLની સિલ્વર જ્યુબિલીના અવસરે ઓડિશાના ઝારસુગાડા ખાતેથી દેશવ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝારસુગાડા

નરેન્દ્ર મોદી દ્વારા આજે સ્વદેશી એટલે કે BSNLનું 4G નેટવર્ક લોન્ચ કર્યું છે. આ નેટવર્ક 5G રેડી છે. આ નેટવર્કને અંદાજે ૯૭૦૦૦ સાઈટ પર રોલઆઉટ કરવામાં આવ્યું છે. આ નેટવર્કને સંપૂર્ણ રીતે ભારતની ટેક્નોલોજી પર બનાવવામાં આવ્યું છે. આ સાથે જ ભારત દુનિયામાં ટોપ-પમાં આવી ગયું છે, જે ટેલિકોમ ટેક્નોલોજી અને ઈક્વિપમેન્ટ જાતે બનાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત સહિત સમગ્ર દેશવાસીઓને નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં સ્વદેશી 4G નેટવર્કની મોટી ભેટ આપી છે. BSNLની સિલ્વર જ્યુબિલીના અવસરે ઓડિશાના ઝારસુગાડા ખાતેથી દેશવ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ લોન્ચિંગ આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરતું એક ઐતિહાસિક પગલું છે, જેના થકી ભારત દુનિયાના એ ૫ દેશોમાં સામેલ થયું છે જેની પાસે પોતાનું ઘરેલું ૪૬ ટેલિકોમ નેટવર્ક છે.

BSNL દ્વારા 4G સેચ્યુરેશન પ્રોજેક્ટ હેઠળ ૧૪,૦૦૦ થી વધુ સાઈટ્સ સહિત કુલ ૯૭,૫૦૦ જેટલી નવી 4G સાઈટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતમાં ૪,૦૦૦ થી વધુ 4G ટાવર કાર્યરત થયા છે, જેમાંથી ૬૦૦ થી વધુ ટાવર અતિ દુર્ગમ, અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં કાર્યરત થવાના છે. આના પરિણામે રાજ્યના ૧૧,૦૦૦ થી વધુ ગામડાઓને સ્વદેશી ૪૬ મોબાઈલ સેવાનો લાભ મળશે. આ પગલું વડાપ્રધાન ના ગ્રામીણ અને છેવાડાના વિસ્તારો સુધી ડિજિટલ કનેક્ટિવિટી પહોંચાડવાના સંકલ્પને મૂર્તિમંત કરે છે.

કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ આ લોન્ચિંગને રાષ્ટ્રીય ગૌરવનો વિષય ગણાવ્યો. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે ભારત સંરક્ષણ માટે બંદૂકની ગોળીઓ પણ આયાત કરતું હતું, જ્યારે આજે દેશ સંરક્ષણ સાધનોની નિકાસ કરે છે. કોવિડ મહામારી દરમિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ વિશ્વમાં પ્રથમ ડોઝ આપ્યાના એક મહિનાની અંદર જ ભારતીય વૈજ્ઞાનિકોએ એક નહીં પણ ૨ સ્વદેશી રસીઓનું સંશોધન કર્યું. મુખ્યમંત્રીએ ગૌરવ સાથે કહ્યું કે, પહેલા વિશ્વના દેશો ભારતને માત્ર ટેલિકોમ માર્કેટ સમજતા હતા, પરંતુ હવે ભારતે વૈશ્વિક સ્તરે ટેલિકોમ ક્ષેત્રમાં સોલ્યુશન પ્રોવાઈડર અને પાર્ટનર તરીકે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. મેઈડ ફોર ઈન્ડિયાને બદલે હવે મેઈડ ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડની ચર્ચા થઈ રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાનના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં રોડ, રેલ, મેટ્રો, એર અને સંચાર જેવા તમામ નેટવર્કમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. ડિજિટલ કનેક્ટિવિટી વધવાથી ગ્રામીણ વિસ્તારોનું જીવન સરળ બન્યું છે. હવે મોબાઈલ માત્ર વાતચીતનું સાધન નથી, પરંતુ વિકાસ અને પ્રગતિનું માધ્યમ બન્યું છે.

- ખેડૂતો ખેતરમાં ઊભા રહીને હવામાનનો નકશો અને પાકના વર્તમાન ભાવો જાણી શકે છે.

- વિદ્યાર્થીઓ ઘરે બેઠા અભ્યાસ કરી શકે છે.

- જનધન-આધાર-મોબાઈલ (JAM) ત્રિપુટી દ્વારા ગરીબોને તેમનો હક સીધો મળી રહ્યો છે.

- ગુજરાતમાં ૧૪,૦૦૦ થી વધુ ઈ-ગ્રામ કેન્દ્રો પર ૩૨૦ થી વધુ સેવાઓ બ્રોડબેન્ડ કનેક્ટિવિટીના કારણે ઉપલબ્ધ છે. કેન્દ્રીય મંત્રી માંડવિયાએ ભારતની વિવિધ ભૌગોલિક પરિસ્થિતિઓ (જેમ કે ૩,૦૦૦ કિલોમીટરની હિમાલય પર્વતમાળા, ૭,૦૦૦ કિલોમીટરથી વધુ દરિયાકિનારો, અને ૫૦ ડિગ્રી તાપમાન) માં પણ સ્વદેશી ટેકનોલોજીની ઉપયોગિતા પર ભાર મૂક્યો. BSNLની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય વિચાર ગર્વ સે કહો યે સ્વદેશી હૈ હતો, જે રાષ્ટ્રની આત્મનિર્ભરતાની ભાવનાને દૃઢ કરે છે. ડેનમાર્ક, સ્વીડન, સાઉથ કોરિયા અને ચીન બાદ ભારત પાંચમો દેશ છે. BSNL સાથે ભારતમાં હવે દરેક ટેલિકોમ કંપની 4G સર્વિસ પૂરી પાડે છે. જિયો, એરટેલ તેમજ વોડાફોન-આઈડિયા પહેલેથી ભારતમાં 4G અને 5G સર્વિસ રજૂ કરી ચૂક્યા છે. ભારતમાં BSNLના ૯ કરોડથી વધુ એક્ટિવ યુઝર્સ છે.

BSNLના ૨૫ વર્ષ પૂરા થતાં દ્વારા ૯૭,૫૦૦થી વધુ 4G મોબાઈલ નેટવર્ક લોન્ચ કર્યા છે, એમાં BSNLની 4G ટેક્નોલોજી સાઈટનો પણ સમાવેશ થાય છે. આ ટાવરને ૩૭૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યા છે અને એમાં સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમ જ આ ટાવર સૌર ઊર્જાથી ચાલે છે. આ ટાવર 5G રેડી છે. આ 4G નેટવર્ક ક્લાઉડ-બેઝ્ડ છે. આથી એને સરળતાથી ૫૬ નેટવર્ક પર શિફ્ટ કરી શકાશે. 5G નેટવર્ક માટે હાર્ડવેરમાં બદલાવ કરવાની જરૂર નહીં પડે. ફક્ત સોફ્ટવેર અપડેટ કરવાનું રહેશે. આ સાથે નરેન્દ્ર મોદીએ ડિજિટલ ભારત નિધિ હેઠળ ભારતના ૧૦૦% 4G સેચ્યુરેશન નેટવર્કને પણ લોન્ચ કર્યા છે. એના દ્વારા ભારતના ૨૯૦૦૦થી ૩૦૦૦૦ જેટલા ગામડાઓને મિશન-મોડ પ્રોજેક્ટ હેઠળ જોડવામાં આવ્યાં છે.

# પાકે. એક દાયકા સુધી ઓસામા બિન લાદેનને આશરો આપ્યો હતો: યુએનમાં ભારતના સ્થાયી મિશનમાં પ્રથમ સચિવ પેટલ ગહલોતે કહ્યું

### આતંકવાદને ફેલાવવા અને નિકાસ કરવાની પરંપરામાં લાંબા સમયથી ડૂબેલો દેશ આ હેતુ માટે સૌથી હાસ્યાસ્પદ વાર્તા ગઢવામાં કોઈ શરમ કરતું નથી




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફે ૨૬ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) માં પોતાના સંબોધનમાં ભારત પર અનેક આરોપ લગાવ્યા. પાકિસ્તાની પ્રધાનમંત્રી શહબાજ શરીફના ભાષણ પર ભારતે પોતાની પ્રતિક્રિયા આપી છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનમાં પ્રથમ સચિવ પેટલ ગહલોતે પ્રતિક્રિયા આપતા કહ્યું કે અધ્યક્ષ મહોદય આ સભાએ સવાર સવારમાં પાકિસ્તાનના પ્રધાનમંત્રીની વાહિયાત નૌટંકી જોઈ જેમણે એકવાર ફરીથી આતંકવાદના ગુણગાન ગાયા કે જે તેમની વિદેશ નીતિનું કેન્દ્રબિન્દુ છે. જો કે કોઈ પણ સ્તરનું નાટક અને ખોટા તથ્યો એ વાત છૂપાવી શકશે નહીં કે આ એ જ પાકિસ્તાન છે જેણે ૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં પર્યટકોના બર્બર નરસંહારની જવાબદારીથી એક પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી સંગઠન રેઝિસ્ટન્સ ફ્રન્ટને બચાવ્યું હતું.

પેટલ ગેહલોતે કહ્યું કે આતંકવાદને ફેલાવવા અને નિકાસ કરવાની પરંપરામાં લાંબા સમયતી ડૂબેલો દેશ આ હેતુ માટે સૌથી હાસ્યાસ્પદ વાર્તા ગઢવામાં કોઈ શરમ કરતું નથી. યાદ કરો કે તેણે એક દાયકા સુધી ઓસામા બિન લાદેનને આશરો આપ્યો હતો જ્યારે આતંકવાદ વિરુદ્ધ યુદ્ધમાં ભાગીદાર હોવાનો દેખાડો કરતા તેના મંત્રીઓએ હાલમાં જ સ્વીકાર્યું છે કે તેઓ દાયકાઓથી આતંકવાદી શિબિર ચલાવી રહ્યા છે. આ વખતે પ્રધાનમંત્રીના સ્તરે આ દંભ ફરીથી એકવાર ચાલુ છે જેમાં કોઈ આશ્ચર્ય ન હોવું જોઈએ.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફના ભાષણ પર ભારતના જવાબ આપવાના અધિકારનો પ્રયોગ કરતા પેટલ ગહલોતે કહ્યું કે એક તસ્વીર હજાર શબ્દો દર્શાવે છે અને અમે ઓપેરશન સિંદૂર દરમિયાન બહાવલપુર અને મુરીદકેના આતંકી પરિસરોમાં ભારતીય સેના દ્વારા માર્યા ગયેલા આતંકીઓની અનેક તસવીરો દેખાડી. જ્યારે વરિષ્ઠ પાકિસ્તાની સૈન્ય અને અસૈન્ય અધિકારીઓ જાહેરમાં આવા કુખ્યાત આતંકીઓના ગુણગાન અને શ્રદ્ધાંજલિ આપે છે તો શું આ શાસનની પ્રવૃત્તિ પર કોઈ શંકા હોઈ શકે?

પાકિસ્તાનના પ્રધાનમંત્રીએ ભાર સાથે હાલના સંઘર્ષનું એક વિચિત્ર વિવરણ પણ આપ્યું. આ મામલે રેકોર્ડ સ્પષ્ટ છે કે ૯ મે સુધી પાકિસ્તાન ભારત પર હુમલા કરવાની ધમકી આપતું રહ્યું પરંતુ ૧૦ મેના રોજ સેનાએ અમને સીધી લડાઈ બંધ કરવાની અપીલ કરી.

પેટલ ગહલોતે કહ્યું કે ભારતીય સેના દ્વારા અનેક પાકિસ્તાની એરપોર્ટ્સ પર તબાહી મચાવાઈ હતી. તે નુકસાનની તસવીરો સ્પષ્ટ રીતે જાહેરમાં ઉપલબ્ધ છે. જો નષ્ટ થયેલા રનવે અને બળેલા હેંગર જીત જેવા લાગતા હોય, જેમ કે પ્રધાનમંત્રીએ દાવો કર્યો છે તો પાકિસ્તાન તેને આનંદ ઉઠાવી શકે છે. સચ્ચાઈ એ છે કે ભૂતકાળની જેમ પાકિસ્તાન ભારતમાં નિર્દોષ નાગરિકો પર આતંકવાદી હુમલા માટે જવાબદાર છે. અમે અમારા લોકોની રક્ષાના અધિકારનો ઉપયોગ કર્યો છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનમાં પ્રથમ સચિવ પેટલ ગહલોતે કહ્યું કે પાકિસ્તાની પ્રધાનમંત્રીએ ભારત સાથે શાંતિની વાત કરી છે. જો તે ખરેખર સાચા હોય તો રસ્તો સાફ છે. પાકિસ્તાને તરત તમામ આતંકી છાવણીઓ બંધ કરવી જોઈએ અને ભારતમાં વોન્ટેડ આતંકીઓને અમને સોંપી દેવા જોઈએ. એ પણ વિડંબણા છે કે એક એવો દેશ જે નફરત, કટ્ટરતા, અને અસહિષ્ણુતાનું પાલન કરે છે તે આ સભાને આસ્થાના મામલાઓ પર ઉપદેશ આપી રહ્યો છે. પાકિસ્તાનનું રાજનીતિક અને જાહેર વિમર્શ તેના અસલ સ્વભાવને દેખાડે છે. સ્પષ્ટ રીતે તેમણે અરીસામાં જોવાની જરૂર છે.

પેટલ ગહેલોતે કહ્યું કે અધ્યક્ષ મહોદય ભારત અને પાકિસ્તાન લાંબા સમયથી એ વાત પર સહમત છે કે તેમની વચ્ચે કોઈ પણ પેન્ડિંગ મુદ્દાને દ્વિપક્ષીય રીતે ઉકેલવામાં આવશે. આ મામલે ત્રીજા કોઈ પક્ષની જગ્યા નથી. આ અમારી લાંબાગાળાની રાષ્ટ્રીય સ્થિતિ છે. પેટલ ગહલોતે કહ્યું કે જ્યાં સુધી આતંકવાદનો સવાલ છે તો અમે એ સ્પષ્ટ કરી રહ્યા છીએ કે આતંકવાદીઓ અને તેમના પ્રાયોજકો વચ્ચે કોઈ ભેદ કરાશે નહીં. બંનેને જવાબદાર ઠેરવવામાં આવશે, અમે પરમાણુ બ્લેકમેઈલની આડમાં આતંકવાદને પ્રોત્સાહન આપવાની મંજૂરી આપીશું નહીં.

ભારત આવી ધમકીઓ આગળ ક્યારેય ઝૂકશે નહીં. દુનિયા માટે ભારતનો સંદેશો સ્પષ્ટ છે. આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ હોવું જોઈએ.

### પરંતુ અમેરિકા સામે રાખી દીધી મોટી શરત

# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાત બંધ કરવા તૈયાર છે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ પાસેથી ૫૦ ટકા ટેરિફ લગાવવામાં આવે છે. આમાં ૨૫ ટકા બેઝ ટેરિફનો સમાવેશ થાય છે, જેમાં રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવા બદલ દંડ તરીકે વધારાના ૨૫ ટકા લગાવવામાં આવે છે. ભારતે અમેરિકાને કહ્યું કે યુએસ આ કામ કરે છે, તો ભારત મોસ્કો પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે.

આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો કારણે રશિયાએ સસ્તું તેલ આપવાનું શરૂ કર્યું. ભારત તેની તેલની જરૂરિયાતનો લગભગ ૯૦ ટકા બિજા દેશ પાસેથી ખરીદી કરે છે. તેથી, રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદવાથી ભારતને તેના આયાત બિલમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં મદદ મળી છે.

જોકે, ભારત પણ ઈરાન અને વેનેઝુએલાથી સમાન સસ્તું તેલ મેળવી શકે છે. એક ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, આ અઠવાડિયે અમેરિકાની મુલાકાત દરમિયાન, ભારતીય અધિકારીઓએ તેલ આયાતના મુદ્દા પર ટ્રમ્પ વહીવટીતંત્ર સમક્ષ પોતાનો કેસ મજબૂતીથી રજૂ કર્યો હતો.

તેમણે સૂચવ્યું હતું કે રશિયા પાસેથી તેલ ખરીદી ઘટાડવા માટે, ભારતીય રિફાઈનરોને ઈરાન અને વેનેઝુએલામાંથી તેલ આયાત કરવા માટે વોશિંગ્ટનની પરવાનગીની જરૂર પડશે, કારણ કે આ બંને દેશો હાલમાં આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હેઠળ છે.

નોંધનીય છે કે ભારતીય અધિકારીઓની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે વોશિંગ્ટને નવી દિલ્હી પર ૫૦ ટકાનો ભારે ટેરિફ લગાવ્યો છે. જોકે, દંડ છતાં, ભારત રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવાનું ચાલુ રાખે છે.ન્યુ યોર્કની તેમની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલે સંકેત આપ્યો હતો કે ભારત અમેરિકા પાસેથી તેલ અને ગેસ ખરીદી વધારવા માંગે છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા આપણા ઉર્જા સુરક્ષા લક્ષ્યોમાં મુખ્ય ભૂમિકા ભજવશે. નોંધનીય છે કે ૨૦૨૨ માં યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારતે મોસ્કો પાસેથી તેની ક્રૂડ ઓઈલ ખરીદીમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

### પન્ના જિલ્લાની કલેક્ટર કોર્ટે દંડ ફટકાર્યો

# એક નેતા પર એક અબજ ૨૪ કરોડ ૫૫ લાખ ૮૫ હજાર ૬૦૦ રૂપિયાનો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશના પન્ના જિલ્લાની કલેક્ટર કોર્ટે કોંગ્રેસના એક નેતા પર એક અબજ ૨૪ કરોડ ૫૫ લાખ ૮૫ હજાર ૬૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોંગ્રસ પોર્ટીના પૂર્વ રાજ્ય મહાસચિવ અને ડાયમંડ સ્ટોન ક્રશરના માલિક શ્રીકાંત દીક્ષિત પર ગુનૌર તાલુકાના બિલઘરીમાં ગેરકાયદે રીતે પથ્થરોનું ખનન કરવાનો આરોપ છે.અહેવાલો અનુસાર, નાયબ ખનિજ વહીવટ નિયામક પન્ના અને સબ-ડિવિઝનલ રેવન્યુ ઓફિસર ગુન્નૌર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના આધારે આ નિર્ણય આપવામાં આવ્યો હતો. કલેક્ટર કોર્ટે નાયબ ખનિજ વહીવટ નિયામક પન્નાને નિયમો અનુસાર કોંગ્રેસ નેતા પાસેથી રકમ વસૂલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

કલેક્ટર કોર્ટના જણાવ્યાનુસાર, નોટિસ જાહેર કર્યાની તારીખથી આ કેસમાં પૂરતી અને યોગ્ય તક આપવામાં આવી છે, પરંતુ બિન-અરજદાર સતત આદેશોનો અનાદર કરી રહ્યા છે અને મામલો પેન્ડિંગ રાખવા માટે શક્ય તેટલા બધાં પ્રયાસો કરી રહ્યા છે, જે દર્શાવે છે કે બિન-અરજદાર પોતે શરૂઆતથી જ જાણે છે કે ગેરકાયદે ખોદકામના બચાવ માટે કોઈ પૂરતા દસ્તાવેજી પુરાવા નથી. બિન-અરજદારે ફક્ત ૯૯ હજાર ૩૦૦ ઘન મીટરની રોયલ્ટી જમા કરાવી છે, જ્યારે ૨ લાખ ૭૨ હજાર ૨૯૮ ઘન મીટરમાં ખોદકામ કરવામાં આવ્યું છે. પન્ના કલેક્ટરને ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ગુનૌર તાલુકાના બિલઘરીમાં મેસર્સ ડાયમંડ સ્ટોન ક્રશરના માલિક અને કોંગ્રેસ પક્ષના પૂર્વ રાજ્યમંત્રી શ્રીકાંત દીક્ષિતે મંજૂર વિસ્તાર કરતા મોટા વિસ્તારમાંથી પથ્થર કાઢ્યો હતો. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે દીક્ષિતની સ્ટોન ક્રશર કંપનીએ કરોડોની રોયલ્ટીની ઉચાપત કરી હતી.

### ટ્રમ્પની ટેરિફ ધમકી સહન નહીં કરીએ

# BRICS દેશોએ અમેરિકન ટેક્સનો કર્યો ભારે વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ટેરિફ સામે IBSA (ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા) અને BRICS દેશોએ કડક વાંધો ઉઠાવ્યો છે.

ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા સહિત ઘણા દેશોએ આ ટેરિફ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એકતરફી રીતે આ શુલ્ક લગાવવાનો વિરોધ કર્યો અને ભારપૂર્વક કહ્યું કે આ પ્રકારના પગલાંનો ઉપયોગ દબાણ લાવવાના હથકંડા તરીકે થવો ન જોઈએ.

આ દેશોએ સ્પષ્ટ જણાવ્યું કે તેઓ ટેરિફની ધમકી સહન નહીં કરે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)ની માર્ગદર્શિકા મુજબ, ભારતના વિદેશ મંત્રી જયશંકરે IBSA અને BRICS દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા ૨૦૧૭થી ૨૦૨૧ સુધીના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ લગાવ્યો હતો. ત્યારબાદ બીજીવાર એપ્રિલ ૨૦૨૫માં, તેમણે વિશ્વભરના ૧૮૦ દેશોની નિકાસ પર ૧૦થી ૫૦ ટકા ટેરિફ લગાવીને વૈશ્વિક વ્યાપાર યુદ્ધ શરુ દીધું છે. ટ્રમ્પે ભારત પર, રશિયા સાથેના તેલ વ્યાપારની પૅનલ્ટી તરીકે વધારાના ૨૫ ટકા ટેરિફની સાથે કુલ ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે.

ટેરિફ લગાવવા પાછળનું કારણ જણાવતા ટ્રમ્પે કહ્યું કે, હું અમેરિકાની વ્યાપાર ખાધ ઓછી કરવા અને અમેરિકાના ઉદ્યોગોને બચાવવા માંગું છું. મેં અમેરિકામાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે, 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ હેઠળ આ ટેરિફ લગાવ્યો છે.

ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા અને વધારે સપ્લાયનું કારણ આપતા સ્ટીલ અને એલ્યુમિનિયમની નિકાસ પર ૨૫થી ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે. યુરોપીયન અને ભારતના ઊંચા ટેરિફનો જવાબ આપતા ઓટોમોબાઈલ ઉદ્યોગની નિકાસ પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો છે.

તો વિદેશી ઉત્પાદનોથી સુરક્ષાનું કારણ આપીને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ લગાવ્યો. અમેરિકામાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે ફર્નિચરની નિકાસ પર ૩૦ ટકા ટેરિફ લગાવ્યો.

કિચન કેબિનેટ અને બાથરૂમ વેનિટી પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે. તેલની આયાત રોકવા માટે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદતા દેશોની નિકાસ પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો છે. ચલણમાં હેરાફેરી રોકવા માટે બ્રાઝિલ અને આર્જેન્ટિનાથી આવતા મેટલ ઉત્પાદનો પર ટેરિફ લગાવ્યો છે. ફાર્મા ઉત્પાદનો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવ્યો છે.

### અનેક હુમલામાં હતો સામેલ

# યુએઈથી ખાલિસ્તાની આતંકી પરમિંદર સિંહ પિંડીને ભારત લવાઈ રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબ પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓએ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI)ના આતંકવાદી પરમિન્દર સિંહ પિંડીના પ્રત્યાર્પણ કરવામાં મોટી સફળતા મેળવી છે. હવે તેને ભારત લાવવાની તૈયારીઓ થઈ રહી છે. પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે શનિવારે (૨૭ સપ્ટેમ્બર) જણાવ્યું હતું કે, પિંડી વિદેશ સ્થિત આતંકવાદી હરવિંદર સિંહ ઉર્ફે રિંદા અને હેપ્પી પાસિયાનો નજીકનો સાથી છે અને બટાલા-ગુરદાસપુર વિસ્તારમાં પેટ્રોલ બોમ્બ હુમલા, હિંસક હુમલા અને ખંડણી સહિતના અનેક જઘન્ય ગુનાઓમાં સામેલ છે. ડીજીપી યાદવે જણાવ્યું હતું કે, બટાલા પોલીસ દ્વારા અનુરોધિત રેડ કોર્નર નોટિસ (RCN) પર તાત્કાલિક કાર્યવાહી કરતા એક વરિષ્ઠ પોલીસ અધિકારીની આગેવાની હેઠળ એક સમર્પિત ચાર સભ્યોની ટીમ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ યુએઈ ગઈ હતી. વિદેશ મંત્રાલય અને યુએઈના અધિકારીઓ સાથે સંકલન કરીને, તમામ કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કરી હતી અને આરોપીને સફળતાપૂર્વક ન્યાયના કઠેડામાં પાછો લાવવામાં આવ્યો હતો. આ સફળ પ્રત્યાર્પણ પંજાબ પોલીસની આતંકવાદ અને સંગઠિત ગુના પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતા નીતિ તેમજ તેની અદ્યતન તપાસ ક્ષમતાઓ અને વૈશ્વિક પહોંચ પર ભાર મૂકે છે. ગત વર્ષે કેનેડામાં એક હિન્દુ મંદિર પર થયેલા હુમલાના સંબંધમાં ધરપકડ કરાયેલા ઈન્દરજીત સિંહ ગોસાલને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. તેણે પન્નુને ટેકો આપતા એક વીડિયોમાં દિલ્હીને ખાલિસ્તાનમાં ફેરવવા અંગે વાહિયાત નિવેદનો આપ્યા હતા. પન્નુએ પણ ડોવાલ સામે આવી જ ધમકીઓ આપી હતી. પન્નુ અમેરિકામાં રહે છે. વોશિંગ્ટનથી એક વીડિયો સંબોધનમાં, પન્નુએ દિલ્હીના લાલ કિલ્લા પર મોદીને તિરંગો ફરકાવતા અટકાવનારા 'શીખ સૈનિકો' માટે ૧૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું. આ મામલે પન્નુ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે.


## પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી ⇌ પટના વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09427 | સાબરમતી - પટના | તા. 01.10.2025 થી 26.11.2025 સુધી | 18:10 કલાક (બુધવાર) | 01:00 કલાક (શુક્રવાર) |
| 09428 | પટના - સાબરમતી | તા. 03.10.2025 થી 28.11.2025 સુધી | 04:40 કલાક (શુક્રવાર) | 09:55 કલાક (બીજા દિવસે) |

હોલ્ટ્સ: મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જં., અજમેર, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, ભરતપુર જં., અછનેરા, ઇદગાહ આગ્રા, ટુંડલા, ઇટવાહ, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા અને દાનાપુર સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી 3-ટાયર કોચ.

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 09427 માટે બુકિંગ 28.09.2025 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. . ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

## તંત્રી લેખ......

### સ્વદેશી નિષ્ણાતોને આકર્ષવા જરૂરી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના દેશમાં વિવિધ ક્ષેત્રના વિદેશી નિષ્ણાતો માટેના એચ-વનબી વિઝાના નિયમોને અચાનક કડક કરવાની સાથોસાથ આ ચાવીરૂપ વિઝા માટેની ફીમાં ભારે વધારો કરી નાખ્યા છે. ભારત સહિતના પ્રોફેશનલ્સને અમેરિકામાં કામ કરવા માટે અનિવાર્ય એવા આ વિઝાના નિયમો અને કિંમતમાં ફેરફારથી ટેક્નોલોજીને સંલગ્ન કંપનીઓ અને વ્યવસાયો માટે અસ્તિત્વનો પડકાર ઊભો થયો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના વિજ્ઞાન, ટેક્નોલોજી, કોમ્પ્યુટર અનેએન્જિનીયરિંગ ક્ષેત્રના વિકાસમાં વિદેશી અને તેમાં પણ ખાસ કરીને ભારતીય વ્યાવસાયિકોનું ભારે યોગદાન રહ્યંુ છે. અમેરિકાએ આવા નિષ્ણાત પ્રોફેશનલ્સ માટે ખાસ એચ-વનબી વિઝાની જોગવાઈ કરી હતી, જે ભારે લોકપ્રિય રહી છે. વળી અમેરિકાના સરકારી આંકડા મુજબ ઓગસ્ટ ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે અપાયેલા એચ-વનબી વિઝામાં ૭૦ ટકા ભારતીયોને ફાળે ગયા હતા. આમ અમેરિકાના વિકાસમાં ભારતીય નિષ્ણાતોનું યોગદાન ભારે મહત્ત્વનું રહ્યંુ છે. ટ્રમ્પના અણધાર્યા આદેશથી ભારતીય પ્રભુત્વ હેઠળની સોફ્ટવેર કંપનીઓને મોટી અસર પડી શકે છે. ભારત અને ભારતીયો માટે આવેલા આ અચાનક પડકારને અવસરમાં પલટવાની તક હોવાની ચર્ચા પણ છેડાઈ ચૂકી છે. અમેરિકામાં પ્રોફશનલ્સને વિઝાની તકલીફનો ભારત લાભ લઈ શકે છે. ખાસ તો આ નિષ્ણાતોને ભારતમાં આકર્ષવા તાકીદની યોજના ઘડીને તેને અમલી બનાવવાની જરૂરત છે. આ ઉપરાંત નામાંકિત કંપનીઓને તેમના અમેરિકાના કામકાજને ભારત સ્થળાંતરિત કરાવવા માટે તાકીદની વ્યવસ્થા ગોઠવી આપવાની જરૂરત છે. આવી કોઈ પણ તકની માટે સતત ટાંપીને રહેતા ચીને અમેરિકાના વિઝાના દરવાજા બંધ થાય એટલે નિષ્ણાતો માટે પોતાના દરવાજા ખોલવાની જાહેરાત પણ કરી દીધી છે. પહેલી ઓક્ટોબરથી આવા પ્રોફેશનલ્સને પોતાને ત્યાં આવકારવા ચીને નવતર વિઝાનીતિ તૈયાર પણ કરી નાખી છે. જો કે, આ વિઝામાં ચીને હજી અમુક પ્રાથમિક નિયમન જાહેર કર્યા હોવા છતાં તેની વિગતો જાહેર થાય તેની રાહ જોવાઈ રહી છે. ખરેખર તો ભારતે પણ સમય વેડફ્યા વગર ભારતીય સોફ્ટવેર કંપનીઓ અને નામાંકિત ભારતીયોની સાથે તાકીદની મસલતો કરીને દેશની પ્રતિભાને ફરી વતન તરફ આકર્ષિત કરવા માટે ખાસ યોજના જાહેર કરવી જોઈએ.

વડાપ્રધાનશ્રીના નિર્ણયો બદલ આભાર વ્યકત કરતા અંદાજિત ૨.લાખ ૮૦ હજાર પોસ્ટકાર્ડ ભરુચના લાભાર્થીઓ પાઠવશે

# પશુપાલકો તથા સહકારી મંડળીના સભ્યોએ વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડ લખી અભિનંદન પાઠવ્યા



ભરૂચ – શનિવાર - તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સરકારે **GST** (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) માં ઘટાડો કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોની બચતમાં વધારો કરવાનો અને ખેડૂતો સહિત નાના વેપારીઓને પ્રોત્સાહન આપવાનો છે. આ પગલાથી સમગ્ર દેશમાં આર્થિક ગતિવિધિઓને વેગ મળ્યો છે, જેના કારણે ખેડૂતો સહિત ગ્રાહકો અને વેપારીઓ બંનેને લાભ થઈ રહ્યો છે. ત્યારે ભરૂચ જિલ્લાના સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સભાસદો, નાના વેપારીઓ, ખેડૂતોએ આ નિર્ણયને આવકાર્યો છે. ત્યારે આજરોજ ધી ભરૂચ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડયુસર્સ યુનિયન લી.ભરૂચ ખાતે સહકારથી સમૃદ્ધિ અંતર્ગત આભાર પત્ર લખવાનો કાર્યક્રમ યોજાયો હતો.

વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે. ઉપરાંત દેશનું સહકારી માળખું મજબૂત કરવા સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ હેઠળ ખેડૂતો, પશુપાલકો તથા યુવાઓને સહકારી ક્ષેત્રમાં જોડાવવા તથા રોજગારી તકો ઉભી કરવા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિવિધ હિતલક્ષી નિર્ણયો તથા યોજનાઓ અમલી કરાઈ છે. જેનાથી સહકારી મંડળીઓના સભાસદોને વિવિધ લાભ થયા છે. સહકારી મંડળીઓ તથા દૂધ ઉદ્યોગને તેનો સીધો લાભ મળ્યો છે. આ ક્ષેત્રો વધુ મજબૂત અને સક્ષમ બને તે માટે તાજતેરમાં સ્વદેશી – વોકલ ફોર લોકલ- વિદેશથી કૃષિ - દૂધ પ્રોડકટ આવતી અટકાવવાનો નિર્ણય તથા જીએસટી દરમાં ઘટાડો કરાયો છે. જેનાથી ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલા પશુપાલકો ખાસ કરીને આ ક્ષેત્ર સાથે જોડાયેલી ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભર બનશે.

વડાપ્રધાનશ્રીના સહકારી ક્ષેત્રને મજબૂત તથા પશુપાલકોને સક્ષમ બનાવવાના આ નિર્ણયથી લાભાન્વિત થનાર ભરુચના સહકારી મંડળીના સભાસદો તથા પશુપાલકો પોસ્ટકાર્ડના માધ્યમથી પોતાની લાગણી વ્યકત કરીને વડાપ્રધાનશ્રીનો દિલથી આભાર વ્યકત કર્યો હતો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સહકાર મંત્રાલય શરૂ કરવા અને સહકાર મંત્રાલય દ્વારા ખેડૂતો પશુપાલકોના હિતમાં સહકારથી સમૃદ્ધિ પ્રોજેકટ અંતર્ગત વિવિધ ઈનીશીએટિવ્ઝ, જી.એસ.ટી અને સ્વદેશી અભિયાનને વેગવંતુ બનાવવા માટે અત્યાર સુધી લેવાયેલા હિતલક્ષી નિર્ણયો બદલ ભરુચ જિલ્લાના પશુપાલકો તથા સહકારી મંડળીના સભાસદો વડાપ્રધાનશ્રીને ૧૦ હજાર પોસ્ટકાર્ડ પાઠવીને આભાર વ્યકત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભરુચ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તથા ગુકોમાસોલ , પશુપાલકો, સભાસદો, ખેડૂતો દ્વારા અંદાજિત ૨. લાખ ૮૦ હજારથી વધુ પોસ્ટકાર્ડ લખી વડાપ્રધાનશ્રીનો આભાર વ્યકત કરશે. ૩૦ સપ્ટેમ્બર સુધી તમામ પોસ્ટકાર્ડ વડાપ્રધાનશ્રીને પાઠવી દેવાશે. ત્યારે આજરોજ ભરુચ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, ગુજકોમાસોલ અને ભરૂચ જિલ્લા સહકારી સંઘના સહકારથી ભરૂચ જિલ્લાની સહકારી મંડળીઓએ વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડથી અભિનંદન પાઠવ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વૈશ્વિક સ્તરે અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યો છે. ત્યારે વડાપ્રધાનશ્રીએ સહકારિતા મંત્રાલયને અલગ મંત્રાલય બનાવીને સહકારીતાના વિઝનને આગળ ધપાવતા ૬૦ જેટલા ઈનિશ્યેટીવ્ઝ લીધા છે. જેનાથી સહકારી મંડળીઓને અનેક ફાયદા પહોંચ્યા છે. ઉપરાંત તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા અમેરિકાથી કૃષિ-ડેરી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ તથા જીએસટીમાં ઘટાડાના નિર્ણયથીસહકારી મંડળીઓ તથા દૂધ મંડળીઓને તેનો સીધો લાભ મળશે.

આ અંગે, ભરુચ જિલ્લાના જંબુસર તાલુકાના મંગણાદ ગામના રહેવાસી સચિન પઢિયારે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દેશબહારથી આયાત કરાતી કૃષિ અને ડેરીના ઉત્પાદનો પરની રોકના કારણે પશુપાલકો તથા સહકારી મંડળીઓને ખૂબ ફાયદો થશે. જેનાથી સહકારી ક્ષેત્રનો વિકાસ થશે અને ખાસ કરીને પશુપાલકો વધુ આત્મનિર્ભર બનશે. સાથે જ ચોક્કસ પણે કહીશ કે,નાના વેપારીઓ માટે આ નિર્ણય એક વરદાન સમાન છે.

**GST** ઘટવાથી વસ્તુઓની કિંમત ઓછી થઈ છે, જેના કારણે ગ્રાહકોની ખરીદ શક્તિ વધી છે અને દુકાનોમાં ઘરાકી વધી રહી છે.

આનાથી અમારી આવકમાં પણ વધારો થયો છે.''ત્યારે પોસ્ટકાર્ડના માધ્યમથી અમે અમારા દિલની વાત વડાપ્રધાનશ્રીને પહોંચાડીને તેનો આભાર વ્યકત કરશું.

## પોરબંદર જિલ્લામાંથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સહકારી ક્ષેત્રના સભાસદોએ ૨૦, ૦૦૦થી વધુ આભાર પત્રો લખ્યા

જીએસટીમાં ઘટાડો, સહકારી માળખામાં સુધારો, ગ્રામ્ય અર્થતંત્રને ગતિશીલ બનાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયોને આવકાર

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ–૨૦૨૫ અંતર્ગત ગુજરાતભરમાંથી આભારપત્રો લખવાના વિશાળ અભિયાનની શરૂઆત થઈ છે.

સભાસદો દ્વારા શરૂ કરાયેલા આ સ્વયંભૂ આ અભિયાન હેઠળ પોરબંદર જિલ્લા કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર યુનિયન લિમિટેડ (સુદામા ડેરી) સાથે સંકળાયેલા હજારો ખેડૂતો, પશુપાલકો અને સભાસદોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આભાર વ્યક્ત કરતાં કુલ ૨૦,૦૦૦ પોસ્ટકાર્ડ લખ્યા હતા. મહિલા સભાસદો પણ આ અભિયાનમાં સહભાગી થઈ છે.

ખેડૂતો, પશુપાલકો તથા યુવાઓને સહકારી ક્ષેત્ર સાથે વધુને વધુ જોડાવા પ્રોત્સાહિત કરવાનો અને રોજગારી તકો ઉભી કરવાની દિશામાં સહકારથી સમૃદ્ધિના અભિગમ મજબૂત કરવાના વડાપ્રધાનના નેતૃત્વમાં લેવાયેલા નિર્ણયો પ્રત્યે આભારની લાગણી સભાસદો વ્યક્ત કરી રહ્યા છે.

વડાપ્રધાનશ્રીએ સહકાર મંત્રાલયની સ્થાપના કરીને "સહકારથી સમૃદ્ધિ" પ્રોજેક્ટ હેઠળ ખેડૂતો-પશુપાલકોના હિતમાં અનેક નિર્ણયો,યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ દ્વારા નાગરિકોના જીવનને સુવિધાયુક્ત બનાવવામાં આવ્યું છે. સાથે જ જી.એસ.ટી. અમલીકરણ તથા સ્વદેશી અભિયાનને વેગ મળ્યો છે.

પોરબંદર જિલ્લાના સહકારી કાર્યકરો, સભાસદો તથા દુધઉત્પાદક પશુપાલકોએ વડાપ્રધાનશ્રીના આ પ્રયાસો માટે આભાર વ્યક્ત કર્યો છે.

## અમદાવાદમાં વિદેશથી આવતો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના શાહીબાગમાં આવેલ ફોરેન પોસ્ટ ઓફિસમાંથી ગાંજાનો જથ્થો ઝડપાયો છે, વિદેશી પાર્સલની આડમાં હાઈબ્રીડ ગાંજાની હેરાફેરી ઝડપાઈ છે, તો સમગ્ર મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, ગાંજાના પાર્સલની ઉપર સુરતનું એડ્રેસ લખેલું છે, આ ગાંજો કયાં અને કોને મળવાનો હતો તે દિશામાં પોલીસની તપાસ ચાલુ છે. શાહીબાગ ફોરેન પોસ્ટ ઓફિસમાંથી ઝડપાયો ગાંજો જેમાં ચોકલેટ અને બિસ્કીટના પાર્સલની આડમાં ગાંજાની હેરાફેરી ઝડપાઈ છે, પોલીસને બાતમી હતી અને તે બાતમીના આધારે તપાસ કરી હતી અને ગાંજો ઝડપાઈ ગયો છે, બ્રિટનથી પાર્સલ આવ્યું હોવાનો ઉલ્લેખ પોસ્ટ ઓફિસમાં કરાયો છે, કુલ ૫૨ લાખ ૫૮ હજારની કિંમતનો ૮૦૦ મિલી ગ્રામ હાઈબ્રીડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ફોરેન પોસ્ટઓફીસના પાર્સલમાંથી ૩.૫૦ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું હતુ. પાર્સલ ડિલિવર થાય તે પહેલા જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. અમેરિકામાંથી પાર્સલ આવ્યું હતુ જેમાં હાઈબ્રિડ અને લિકવિડ ગાંજો હતો. અગાઉના આરોપીની પૂછપરછમાં સમગ્ર ઘટના સામે આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથધરી અન્ય આરોપીઓને લઈ પૂછપરછ હાથધરી હતી. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે.

રૂ.૧૪.૫૯ કરોડના ખર્ચે બનેલા ન્યાય મંદિરને ખુલ્લુ મુકતા આરોગ્ય અને કાયદામંત્રી ઋષીકેશ પટેલ

# ન્યાયાધીશનુ પદ ભગવાન સમાન છે આપણે ન્યાય માટે બે જગ્યાએ જઈએ છીએ એક ભગવાનના મંદિરે અને બીજુ ન્યાયના મંદિરે : મંત્રી ઋષીકેશ પટેલ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા કોર્ટ ભવનનુ લોકાર્પણ અને ઉદ્ઘાટન કાર્યક્રમ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, કાયદો, ન્યાયમંત્રી ઋષીકેશ પટેલ અને ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી હેમંત પ્રચ્છક ની ઉપસ્થિતિમાં યોજાયો.

આ પ્રસંગે મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે ન્યાય તંત્રની સુચારૂ વ્યવસ્થા માટે તાલુકા કોર્ટના સુવિધાસભર બિલ્ડીંગો ગુજરાતના તમામ તાલુકાઓમાં તૈયાર થઈ રહ્યા છે. નાગરીકોને ઝડપી ન્યાય મળે અને સાચો ન્યાય મળે તે ખુબ જરૂરી છે. આ તબકકે તેમણે જણાવ્યુ કે ન્યાયાધીશનુ પદ ભગવાન સમાન છે. આપણે ન્યાય માટે બે જગ્યાએ જઈએ છીએ, એક ભગવાનના મંદિરે અને બીજુ ન્યાયના મંદિરે, હવે મંદિરની વ્યાખ્યા બદલાઈ રહી છે, ભગવાનનુ મંદિર તો મંદિર છે જ પણ આપણે ન્યાયના આ શંકુલને પણ મંદિર સમાન માનીએ છીએ. સરસ્વતીનુ મંદિર અને હવે આરોગ્ય કેન્દ્રોને મંદિરોનો દરજજો આપવામાં આવ્યો છે. ન્યાયાધીશ અને વકીલો માનવીય સંવેદના સાથે આવનાર લોકોને ન્યાય આપે તે આવકાર્ય છે. ગુન્હેગારોના મનમાં ડરનુ વાતાવરણ ઉભુ થવુ તે પણ જરૂરી છે.

વધુમાં તેમણે કહ્યુ કે આપણે સૌ ટેકનોલોજીના જમાનામાં જીવી રહ્યા છીએ. ત્યારે આજની આધુનિક કોર્ટ બિલ્ડીંગોમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેથી નાગરીકોને ઝડપી ન્યાય મળે. તેમનો સમય અને નાણાં ન બગડે તેનુ પણ સરકાર દ્વારા ધ્યાન રાખવામાં આવ્યુ છે. આપણે વિકસિત દેશોની સાથે બેસતા થયા છીએ ત્યારે ટ્રેડ વોરમાં પણ આપણે વસુધૈવ કુટુંબકમ ની ભાવના સાથે સમગ્ર વિશ્વને પોતાનો પરીવાર માની એકતાના ભાવ સાથે જીવીએ છીએ. આપણો ઈતિહાસ ૧ હજાર વરસ જુનો ગુલામીના અંધકારનો છે. જેમાંથી આપણે બહાર આવી આ નવી સદીમાં પ્રકાશ તરફ ગતિ કરવા જ્ઞાનની મદદ લઈ આગળ વધીએ.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી પ્રચ્છકે જણાવ્યુ હતુ કે જયાં ધર્મ છે તે વિજય છે, સર્વોચ્ચ અદાલતનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી સુધી ન્યાય પહોચાડવાનો છે. ન્યાયનુ સ્વરૂપ નહી, ન્યાયની ભાવના ખુબ જરૂરી છે. પ્રાંતિજ તાલુકામાં ૬૬ ગામોનો સમાવેશ થયેલો છે. સ્વતંત્રતા પહેલા પ્રાંતિજમાં કોર્ટ હતી, જે આ વિસ્તારની મહત્તા સમજાવે છે, આ વિસ્તાર ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો વિસ્તાર છે. સુનિયોજીત વર્કિંગ પ્લાન સાથેના આ અત્યાધુનિક બિલ્ડીંગમાં લોકોને ત્વરીત ન્યાય મળે તે માટે સૌએ પ્રયત્નશીલ રહેવા તેમણે અપીલ કરી હતી. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોર્ટના જજ કે આર રબારી, પ્રાંતિજ કોર્ટ જજ બી આર સોલંકી, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેકટર લલીત નારાયણસીંઘ સાદુ, જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, જિલ્લાની અન્ય કોર્ટના સર્વે જજ, બાર એસોસીએશનના પ્રમુખ સહિત મોટી સંખ્યામાં વકીલો હાજર રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજયની ૮ મહાનગરપાલિકા અને ૧૬ નગરપાલિકાઓને નિર્મળ ગુજરાત એવોર્ડ એનાયત કરાયા




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા રાજયની ૮ મહાનગરપાલિકા અને ૧૬ નગરપાલિકાઓને સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ નિર્મળ ગુજરાત એવોર્ડ અર્પણ કરાયો હતો.

મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે નિર્મળ ગુજરાત એવોર્ડ વિતરણ સમારોહ તેમજ સ્વચ્છ ભારત મિશનની ચિંતન શિબિર યોજાઈ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ નિર્મળ ગુજરાત એવોર્ડ અને કુલ રૂપીયા ૧૮.૫ કરોડની પ્રોત્સાહક રકમ એનાયત કરી હતી. આ ઉપરાંત મારૂ શહેર મારૂ ગૌરવ અભિયાનના લોગોનુ અનાવરણ પણ તેમણે કર્યુ હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નિર્મળ ગુજરાત એવોર્ડ મેળવનારી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને અભિનંદન પાઠવતા કહ્યુ હતુ કે આ પ્રકારના એવોર્ડથી અન્ય શહેરોને વધુ સારૂ કામ કરવાનુ પ્રોત્સાહન મળે છે. તેમણે નગરપાલિકાઓના ચુંટાયેલા પ્રતિનિધિઓને સંબોધતા કહ્યુ કે હવે વધુ ગુણવત્તાસભર વિકાસ કાર્યો સૌએ સાથે મળીને કરવા પડશે. વિકસિત ભારતના નિર્માણ માટે રાજયમાં કોઈ એક શહેરનો નહી પણ નાનામાં નાના છેવાડાના માણસનો વિકાસ કરીને તેને મુખ્ય પ્રવાહમાં લાવવો તે આપણો ધ્યેય છે. વધુમાં મુખ્યમંત્રીએ કહ્યુ કે એકાત્મ માનવવાદના પ્રેરણતા પંડીત દિનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ તા. ૨૫ સપ્ટેમ્બરથી શરૂ કરીને સુશાનના પ્રરેણતા સ્વ. પી એમ અટલબિહારીની ૧૦૦ મી જન્મજયંતિ તા. ૨૫ ડીસેમ્બર સુધી દેશભરમાં આત્મનિર્ભર ભારત માટે હરઘર સ્વદેશી અભિયાન હાથ ધરવામાં આવી રહ્યુ છે. આ અભિયાનને સફળ બનાવવા આપણે ઘરમાં ઉપયોગમાં લેવામાં આવતી દૈનિક ઘરવપરાશની ચીજ વસ્તુઓ સ્વદેશી હોય તેના પર વિશેષ ભાર મુકવો પડશે.

આજના સમયની માંગ સાથે આત્મનિર્ભર ભારત માટે વધુમાં વધુ સ્વદેશી વસ્તુઓ અપનાવવા મુખ્યમંત્રીએ સૌને આહવાન કર્યુ હતું. વધુમાં જણાવ્યુ હતુ કે મેક ઈન ઈન્ડીયા અંતર્ગત ભારતમાં બનેલી વસ્તુઓનો ઉપયોગ કરીએ તે સ્વદેશી જ ગણાય, દરેક ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા જરૂરી છે. સ્વદેશી અને આત્મનિર્ભરતા ઉપર જો આપણે ભાર મુકીશુ તો જ આપણે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવી શકીશુ , તેમણે ૨૦૩૫ માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વરસ અમૃત મહોત્સવ તરીકે ઉજવવાની આપણને તક મળવાની છે. તેનો ઉલ્લેખ કરતા કહ્યુ કે આ માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ વેડાએ મુખ્ય સચિવ પંકજ જોશીએ જણાવ્યુ હતુ કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતના શહેરો સ્વચ્છતા ક્ષેત્રે દેશમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે. રાજયના શહેરને સ્વચ્છ અને નિર્મળ બનાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શહેરોની વિવિધ સહાય આપવામાં આવે છે. જેના પરીણામે ગાર્બેજ ફ્રી સીટી સર્વેક્ષણ મા ગુજરાતના ૨૬ શહેરોને ગાર્બેજ ફ્રી સર્ટીફીકેટ પ્રાપ્ત થયુ છે.


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


# ગુજરાત વિધાનસભાના પટાંગણ- પોડિયમ ખાતે વિઠ્ઠલભાઈ પટેલની ૧૫૨મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતા વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી





ગુજરાત વિધાનસભા ભવનનું નામ જેમના નામ ઉપરથી અપાયું છે એવા શ્રી વિઠ્ઠલભાઈ પટેલની ૧૫૨મી જન્મજયંતિ નિમિતે આજે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભા પટાંગણમાં આવેલી તેમની પ્રતિમા સમક્ષ અને ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતેના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

વર્ષ ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ અને સ્વરાજ પાર્ટીના સહ સંસ્થાપક શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ તા. ૨૭મી સપ્ટેમ્બર ૧૮૭૩ના રોજ નડિયાદમાં થયો હતો. તેઓ તેમની મુત્સદ્દીગીરી માટે ભારતભરમાં વિશેષ ઓળખ ધરાવતા હતા.

વર્ષ ૧૯૩૦માં આઝાદીની ચળવળ શરૂ થતાં મધ્યસ્થ ધારાસભામાંથી રાજીનામું આપી સક્રિય રીતે આઝાદીના લડતમાં જોડાયા હતા.

આ પ્રસંગે, અધ્યક્ષશ્રીએ શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સેક્ટર - ૨૫ના વિદ્યાર્થીઓ સાથે શ્રી વિઠ્ઠલભાઈ પટેલના જીવન પ્રસંગો વાગોળ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસક પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રી સેજલબેન પરમાર, શહેર પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટરશ્રીઓ, વિધાનસભાના અધિકારીઓ- કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહીને પુષ્પ અર્પણ કર્યા હતા.

- ધ્રુવી ત્રિવેદી


ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિક્લી માર્કેટ રિપોર્ટ : એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદા અને ઓપ્શન્સમાં નોંધાયાં કામકાજના નવા રેકોર્ડ: સોના-ચાંદીના વાયદા ઓલ ટાઈમ હાઈ સ્તરે

**સોનાના વાયદામાં રૂ.૩૫૭૭ અને ચાંદીના વાયદામાં રૂ.૯૯૨૪નો સાપ્તાહિક ધોરણે ઉછાળોઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યાઃ ઈલેક્ટ્રિસિટી, નેચરલ ગેસ, એલચી, મેન્થા તેલના વાયદાઓમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૧૩૨૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૩૫૬૬૮૪ કરોડ (નોશનલ)નું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૭૨૯૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૬૬૭૬ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૯થી ૨૫ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૬૯૮૦૨૭.૯૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૧૩૨૮.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૩૫૬૬૮૪.૨૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૬૭૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૮૫૩.૪૮ કરોડનું થયું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સપ્તાહના અંતે ચાંદીના વાયદા અને ઓપ્શન્સમાં કામકાજનાં નવા રેકોર્ડ નોંધાયાં હતાં. ૨૫ સપ્ટેમ્બરને ગુરૂવારના રોજ ચાંદીના તમામ વાયદાઓમાં મળીને રૂ.૩૫૦૮૧ કરોડ, ચાંદી-મિની (૫ કિ.ગ્રા.)ના વાયદામાં રૂ.૯૦૩૬ કરોડ અને ચાંદી-માઈક્રો (૧ કિ.ગ્રા.)ના વાયદામાં રૂ.૫૨૧૮ કરોડના સિટીટી લાગુ થયા બાદનાં નવા રેકોર્ડ ટર્નઓવર નોંધાયાં હતાં. આ સાથે જ ચાંદી (૩૦ કિ.ગ્રા.)ના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૮૫૦૧૭૭ કરોડની કીમતનાં ૬૬૨૪૪ ટન અને ચાંદી-મિની (૫ કિ.ગ્રા.)ના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૫૮૬૫૫ કરોડનાં રેકોર્ડ કામકાજ થયાં હતાં. આ અગાઉ ૨૩ સપ્ટેમ્બરને મંગળવારના રોજ સોના (૧ કિ.ગ્રા.)ના વાયદાઓમાં રૂ.૩૧૯૮૫ કરોડ, સોનું-મિની (૧૦૦ ગ્રામ)ના વાયદાઓમાં રૂ.૧૩૫૯૯ કરોડ, ગોલ્ડ-ગિની (૮ ગ્રામ)ના વાયદાઓમાં રૂ.૨૬૨ કરોડનાં સિટીટી લાગુ થયા બાદના તેમ જ ગોલ્ડ-પેટલ (૧ ગ્રામ)ના વાયદાઓમાં રૂ.૫૭૦ કરોડની કીમતનાં ૪૯૭ કિ.ગ્રા. અને ગોલ્ડ-ટેન (૧૦ ગ્રામ)ના વાયદાઓમાં રૂ.૪૨૩ કરોડનાં ૩૭૦ કિ.ગ્રા.નું રેકોર્ડ ટર્નઓવર નોંધાયું હતું. આ સાથે જ સોનું-મિની (૧૦૦ ગ્રામ)ના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૭૦૯૪૦ કરોડની કીમતનાં ૧૫૧ ટનનાં ઉચ્ચતમ કામકાજ નોંધાયાં હતાં. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૭૨૯૦.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૨૫૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૪૧૭૯ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૦૯૦૬૬ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૦૫૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૫૭૭ના ઉછાળા સાથે રૂ.૧૧૨૬૨૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો સપ્તાહ દરમિયાન ૮ ગ્રામદીઠ રૂ.૯૨૯૯૯નો ઓલ ટાઈમ હાઈ ભાવ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૩૧૭૬ ઊછળી રૂ.૯૧૪૧૧ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો સપ્તાહ દરમિયાન રૂ.૧૧૫૩૫ના ઓલ ટાઈમ હાઈના સ્તરે પહોંચી, સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૩૮૨ ઊછળી રૂ.૧૧૪૨૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહ દરમિયાન રૂ.૧૧૪૧૫૦ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૩૬૫૫ના ઉછાળા સાથે રૂ.૧૧૨૬૦૬ થયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૯૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૪૭૭૫ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૦૯૮૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૮૦૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૮૮૦ના ઉછાળા સાથે રૂ.૧૧૩૬૮૫ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૨૭૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૭૫૩૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૭૫૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૭૧૩૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૯૯૨૪ના વ્યાપક ઉછાળા સાથે રૂ.૧૩૭૦૫૬ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહ દરમિયાન કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૩૭૪૫૧ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી સપ્તાહના અંતે રૂ.૯૯૪૧ ઊછળી રૂ.૧૩૭૦૫૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો સપ્તાહ દરમિયાન રૂ.૧૩૭૪૪૪ના ઓલ ટાઈમ હાઈ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૯૮૭૯ વધી રૂ.૧૩૬૯૮૫ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૭૭૦૯.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ઓક્ટોબર વાયદો રૂ.૩૪.૯ વધી રૂ.૯૪૩.૭ના સ્તરે પહોંચ્યો હતો. જસત ઓક્ટોબર વાયદો રૂ.૩.૦૫ વધી રૂ.૨૮૪.૯ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો રૂ.૫.૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૫૬.૧૫ના ભાવે બોલાયો હતો. સીસું ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે ૧૦ પૈસા ઘટી રૂ.૧૮૩.૨૫ના ભાવે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૬૨૮૭.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૯૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૦૦૩ અને નીચામાં રૂ.૩૮૪૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૨ ઘટી રૂ.૩૮૭૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૫૭૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭૮૩ અને નીચામાં રૂ.૫૪૬૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૮૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૯૦ વધી રૂ.૫૭૭૩ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧૮૬ વધી રૂ.૫૭૭૩ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૨૮૩.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૩ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૮૩.૫ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૦૦૪ના ભાવે ખૂલી, રૂ.૨૩ ઘટી રૂ.૯૮૦.૯ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૪૯૦ના ભાવે ખૂલી, રૂ.૨૨ ઘટી રૂ.૨૪૪૬ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬૬૭૭૫.૧૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૦૫૧૫.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૧૭૧૮.૫૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૬૫.૬૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૫.૮૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૬૭૭.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૨૨.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૪૪૫.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૭૧૮.૮૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩૫.૧૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૬.૦૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૩૩૪૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૧૧૨૧૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૪૫૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૧૯૨૯૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૧૫૧૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૩૯૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૫૬૩૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૪૪૫૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૦૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦૮૭૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૦૯૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૨૫૫૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૬૮૧૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૫૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૨૬ પોઈન્ટ વધી ૨૬૬૭૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

**અમદાવાદની વિધિ પરમારે અમેરિકાના મિઆમી રાજ્યની ફ્લાઈટ સ્કૂલ સંસ્થામાંથી કમર્શિયલ પાઈલટ લાયસન્સની તાલીમ મેળવી છે**

# નારી શક્તિની ઉડાનઃ અમદાવાદની ૨૩ વર્ષની વિધિ પરમારે ગુજરાત સરકારની યોજના દ્વારા પાઈલટ બનવાનું બાળપણનું સપનું પૂરું કર્યું

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કમર્શિયલ પાઈલટ તાલીમ લોન યોજનાએ સપનાંઓને આપી નવી ઉડાન, તાલીમાર્થીઓને આપવામાં આવે છે રૂા.૨૫ લાખ સુધીની લોન**



સ્ત્રીને શક્તિ સ્વરૂપા કહેવાય છે અને નવરાત્રિમાં શક્તિની આરાધનાનું અનેરું મહત્વ છે. આજે દરેક ક્ષેત્રે મહિલાઓએ તેમની પ્રતિભાના દમ પર નવી ઉડાન ભરી છે. ગુજરાત સરકાર સપનાંની ઉડાન ભરવા માગતા યુવાનો, ખાસ કરીને મહિલાઓની હંમેશા પડખે રહી છે અને વિવિધ યોજનાઓ હેઠળ તેમને પ્રોત્સાહન આપતી રહી છે. અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આવી જ એક મહત્વપૂર્ણ યોજના છે- 'અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કોમર્શિયલ પાઈલટ તાલીમ લોન યોજના'. આ યોજનાની મદદથી અમદાવાદ જિલ્લાની વિધિ પરમારે પાઈલટ બનવાનું સપનું પૂરું કર્યું છે.

**સપનાંને મળી ઉડાનઃ વિધિ પરમારે પાઈલટ બનવાનું બાળપણનું સપનું પૂરું કર્યું**

બાળપણથી જ ખુલ્લા આકાશમાં ઉડવાના સપનાં જોતી વિધિ હર્ષદભાઈ પરમાર આજે એક કમર્શિયલ પાઈલટ બની ગઈ છે. આ સિદ્ધિની પાછળ વિધિની મહેનત, ધૈર્ય અને પરિવારનો સપોર્ટ તો છે જ, પણ સાથે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કમર્શિયલ પાઈલટ લાઈસન્સ/ટ્રેઈનિંગ પાઈલટની તાલીમ માટેની લોન યોજનાનો પણ મહત્વનો ફાળો છે.

અમદાવાદના વેજલપુરમાં રહેતી વિધિ પરમાર કહે છે કે, "મને બાળપણથી પાઈલટ થવાનું સપનું હતું. એ સમયે મને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકની કોમર્શિયલ પાઈલટ તાલીમ લોન યોજના અંગે માહિતી મળી. આ યોજનામાં અરજી કર્યા બાદ વર્ષ ૨૦૨૩-૨૪માં મને અમેરિકાના મિઆમી રાજ્યની ફ્લાઈટ સ્કૂલમાં કમર્શિયલ પાઈલટ લાયસન્સ (CPL)ની તાલીમ માટે રૂા.૨૫ લાખની લોન મળી હતી. આ લોનની મદદથી મારું કમર્શિયલ પાઈલટ બનવાનું મારું સપનું પૂરું થઈ શક્યું છે. હાલમાં હું ગ્રાઉન્ડ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપું છું અને મહિને રૂા.૪૦,૦૦૦ની આવક મેળવું છું. મેં આ યોજનાની મદદથી મારું સપનું તો પૂરું કર્યું છે, પણ સાથે હું મારા પરિવારને આર્થિક રીતે પણ મદદરૂપ બની છું. આ માટે હું ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું."

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની કમર્શિયલ પાઈલટ તાલીમ લોન યોજના શું છે?**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની કમર્શિયલ પાઈલટ તાલીમ લોન યોજના હેઠળ લોનની રકમ રૂા.૨૫ લાખ સુધીની લોન વાર્ષિક ૪ ટકાના દરે આપવામાં આવે છે. યોજના માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીએ ધોરણ-૧૦/૧૨ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોય એ જરૂરી છે. કમર્શિયલ પાઈલટની તાલીમ આપનાર દેશ/પરદેશની સંસ્થાએ તાલીમાર્થીના પ્રવેશ માટે જે શરતો નક્કી કરી હોય તે મુજબ તાલીમ માટે જરૂરી તમામ પ્રમાણપત્રો હોવા જોઈએ. તાલીમાર્થીએ તેમની તાલીમ માટે થનાર ખર્ચનો અંદાજો જે-તે સંસ્થા પાસેથી મેળવી રજૂ કરવાના હોય છે. ભારતમાં તાલીમ માટે રકમમાં ટ્યૂશન ફી તથા અન્ય આનુસંગિક ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

**વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મહિલાઓ નોંધનીય ભૂમિકા ભજવશે**

આજે જ્યારે ભારત વિકસિત દેશ બનવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સામાજિક, શૈક્ષણિક, રાજકીય, રમતગમત, કૃષિ વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ આગળ આવે તેવા સતત પ્રયત્નો કર્યા છે. તેમણે વિકસિત ભારત@૨૦૪૭ વિઝનમાં મહિલા સશક્તિકરણને મજબૂત પાયો ગણાવ્યો છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યમાં મહિલાઓના વિકાસ માટે સંપૂર્ણ કટિબદ્ધ છે.

# મંડળ રેલ પ્રબંધક દ્વારા વડોદરા સ્ટેશનનું નિરીક્ષણ



"સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫" અભિયાનના હેઠળ, મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે અને વરિષ્ઠ મંડળ અધિકારીઓ સાથે આજે વડોદરા રેલવે સ્ટેશન પર વ્યાપક સ્વચ્છતા અને મુસાફરોની સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું. આ નિરીક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓ, સ્ટેશનની સાફ-સફાઈ અને પરિચાલન સુરક્ષા ના ધોરણોને સુનિશ્ચિત કરવાનો હતો. નિરીક્ષણ દરમિયાન, ટિકિટોની તપાસ કરવામાં આવી હતી, અને સ્ટેશન પરિસરમાં અનધિકૃત રીતે ખાદ્ય સામગ્રી અને અન્ય વસ્તુઓ વેચતા વિક્રેતાઓ સામે નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવી હતી. સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા ની સાથે-સાથે ટ્રેનો માં સાફ-સફાઈ અને શૌચાલયોમાં સ્વચ્છતા પણ સુનિશ્ચિત કરવામાં આવી હતી. ફૂડ સ્ટોલનું પણ નિરીક્ષણ કરીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. મુસાફરોની સુવિધાઓની સમીક્ષા કરતી વખતે શ્રી ભડકેએ સ્વચ્છ, સુરક્ષિત અને સારું વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે સુધારાત્મક પગલાં લેવાને પ્રાથમિકતા આપી. મંડળ રેલ પ્રબંધક શ્રી ભડકેએ મુસાફરોને અપીલ કરી કે રેલવે પરિસર અને ટ્રેનોની સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપે, જેથી દરેકને સ્વચ્છ અને સુખદ મુસાફરીનો અનુભવ મળી શકે.

# વડોદરા મંડળ પર 'સ્વચ્છોત્સવ': નુક્કડ નાટકથી સ્વચ્છતાનો સંદેશ




"સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫" અભિયાન હેઠળ, પશ્ચિમ રેલવે, વડોદરા મંડળ દ્વારા વડોદરા અને છાયાપુરી સ્ટેશનો પર વિશેષ 'સ્વચ્છોત્સવ' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે, "સ્વચ્છ ભારત, સ્વચ્છ રેલ" વિષય પર આધારિત વડોદરા સ્ટેશન પર રેલવે કર્મચારીઓ અને છાયાપુરી સ્ટેશન પર ONGC (વડોદરા) દ્વારા પ્રેરક નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યા હતા, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતા ની વચ્ચે સાર્વજનિક સ્થળો, ખાસ કરીને રેલવે પરિસર અને તેની આસપાસ સ્વચ્છતા અને હાઈજીન (સફાઈ અને સ્વાસ્થ્ય) ને મહત્વ વિશે જાગરૂકતા ફેલાવવાનો હતો. આ પ્રભાવશાળી નુક્કડ નાટક કચરાનો યોગ્ય નિકાલ, કચરો ફેલાવાના હાનિકારક પ્રભાવો અને સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ જાળવવાની સામૂહિક જવાબદારી જેવા મહત્વપૂર્ણ સંદેશાઓ અસરકારક રીતે પહોંચાડ્યા. આ પ્રદર્શને પસાર થતા લોકો અને સ્થાનિક નાગરિકોનું ધ્યાન ખેંચ્યું, જેમણે આટલો મહત્વપૂર્ણ સંદેશ પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતા સર્જનાત્મક અને આકર્ષક માધ્યમની પ્રશંસા કરી.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ કોંગ્રેસ રાજયવ્યાપી મતદાન ચકાસણી ઝુંબેશ ચલાવશે



**જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૬ માં પંચાયત અને પાલિકાની ચુંટણીઓ : વોટ ચોરી વિરૂધ્ધ સહી અભિયાન : જન આક્રોશ સંમેલનો દ્વારા જનતાનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરાશે**

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૬ માં યોજાનારી પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાની ચુંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે કોંગ્રેસે આ ચુંટણીઓ જીતવા માટે કમરકસી છે. પાર્ટીએ મતદાર ચકાસણી અને મતદારોને સક્રિય કરવા માટે રાજય વ્યાપી અભિયાનની જાહેરાત કરી છે. કોંગ્રેસના વરીષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર આ અભિયાન દશેરા અને ગાંધીજયંતિ (૨ ઓકટોબર) ના રોજથી શરૂ થશે અને બે મહિના સુધી ચાલશે.

આ અભિયાનને આગામી વિધાનસભા ચુંટણીઓ પહેલા પાર્ટી માટે એક મોટુ શકિત પ્રદર્શન માનવામાં આવી રહ્યુ છે. આ અભિયાનનો મુખ્ય હેતુ મતદાર યાદીમાં થયેલી સંભવિત ગેરરીતીઓને ઉજાગર કરવાનો છે. કોંગ્રેસનુ કહેવુ છે કે સંમતિ વગર અને ગેરકાયદેસર રીતે મતદારોના નામ યાદીમાંથી દુર કરવામાં આવ્યા છે. આ વોટ ચોરી મુદ્દે પાર્ટીએ રાજયભરમાં સહી ઝુંબેશ ચલાવવાની પણ યોજના બનાવી છે. જેનો ઉદ્દેશ મતદારોને સીધા મળીને તેમનુ સમર્થન મેળવવાનો અને આ મુદ્દે જાગૃતિ લાવવાનો છે. આ સહી ઝુંબેશ રાજયની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર હાથ ધરવામાં આવશે. આ દ્વારા કોંગ્રેસ પાયાના સ્તરે કાર્યકરોને સક્રિય કરવા અને મતદારો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા માંગે છે. આ અભિયાનની સાથે સાથે કોંગ્રેસ અન્ય બે મોટા કાર્યક્રમો પણ યોજશે. જેમાં એક છે જન આક્રોશ સંમેલનો, આ સંમેલનોમાં ખેડુતો, ગરીબો અને વંચિત સમુદાયોના મુદ્દાઓને ઉઠાવવામાં આવશે. આ સંમેલનો દ્વારા કોંગ્રેસ સરકારની નિષ્ફળતાઓને લોકો સમક્ષ રજુ કરવાનો પ્રયાસ કરશે. બીજો કાર્યક્રમ કોંગ્રેસ આપના દ્વારે છે. જેના હેઠળ પાર્ટીના કાર્યકરો ઘરે ઘરે જઈને નાગરીકોની ફરીયાદો અને સમસ્યાઓ સાંભળશે અને તેનુ નિરાકરણ લાવવાનો પ્રયાસ કરશે. આ પહેલ દ્વારા કોંગ્રેસનો ઉદ્દેશ સામાન્ય જનતા સાથેના અંતરને દુર કરીને તેમનો વિશ્વાસ જીતવાનો છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ કોંગ્રેસ માટે અત્યંત મહત્વની છે. કારણ કે તેમાં ૧૫ મ્યુનિસીપલ કોર્પોરેશન, ૮૧ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે. આ ચુંટણીઓમાં સારૂ પ્રદર્શન કરીને કોંગ્રેસ ગુજરાતમાં પોતાનુ સ્થાન મજબુત કરવા માંગે છે. આ નવા અભિયાનો દ્વારા કોંગ્રેસ મતદારો સુધી સીધો સંપર્ક સાધીને તેમનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરશે. પાર્ટીને આશા છે કે આ રણનીતી તેમને સત્તાધારી પક્ષના ગઢમાં પ્રવેશ કરવામાં મદદ કરશે અને લાંબા સમયથી ચાલી રહેલી શાસનની સામે એક મજબુત વિકલ્પ તરીકે ઉભરી આવશે.

# ૨૩ લાખના ઈન્વેસ્ટમેન્ટ સામે ૮૨ લાખ બતાવી ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ઈન્વેસ્ટમેન્ટના નામે ઠગાઈ કરતી ટોળકી દ્વારા કેવી રીતે વિશ્વાસ સંપાદન કરી લાખોની રકમ ટ્રાન્સફર કરી લેવામાં આવે છે તેના અવનવા બનાવો સામે આવી રહ્યા છે. વડોદરાના એક સિનિયર સિટીઝન આવી જ રીતે ૨૩.૩૨ લાખ રૂપિયા ગુમાવ્યા છે.

હરણી ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન અજય કુમારે પોલીસને કહ્યું હતું કે, મેં ૨૦૨૫ દરમિયાન કોન્ટમ ઈન્વેસ્ટમેન્ટ અંગેની ફાઈનાન્સ મિનિસ્ટરના ફોટાવાળી એડવર્ટાઈઝ જોઈએ તપાસ કરતા એક્સ્વેન્ટર નામની કંપની દ્વારા થોડું ઈન્વેસ્ટમેન્ટ કરી મોટું રિટર્ન મેળવવાની સ્કીમ મૂકવામાં આવી હતી.

જેમાં આપેલી લિંક કોલતા રજીસ્ટ્રેશનનું પેજ ખુલ્યું હતું અને એકાઉન્ટ જનરેટ કરી મેલ આઈડી પાસવર્ડ અને મોબાઈલ નંબર જેવી વિગતો આપી હતી.

ત્યારબાદ માનવીક શાહ નામની વ્યક્તિએ કંપનીના નામે મારી સાથે વાત કરી ઈન્ડિયન માર્કેટ કરતા ફોરેનના માર્કેટમાં વધુ રિટર્ન મળે છે તેમ કહી ટ્રેડિંગ એકાઉન્ટ ઓપન કરવા ૨૦૯૩૩ ભરાવ્યા હતા. મેં થોડી રકમ ઈન્વેસ્ટ પણ કરી હતી.


## પશ્ચિમ રેલ્વે - વડોદરા વિભાગ

**ટેન્ડર નંબર EL-TRD-ટેન્ડર-25-26/18**

**કેન્ટિલિવર એસેમ્બલી અને ટ્રેક્શન બોન્ડની બદલી**

ભારતના રાષ્ટ્રપતિના વતી અને તેમના માટે ટેન્ડરો પશ્ચિમ રેલ્વેના (ઇલેક્ટ્રિકલ Tr.D), ડિવિઝનલ રેલ્વે મેનેજરપ્રતાપ નગર, વડોદરા 390004 દ્વારા નીચેના કામો માટે મંગાવવામાં આવે છે.

કામનું નામ: વડોદરા ડિવિઝન: આણંદ - ગોધરા સેક્શનમાં કેન્ટીલીવર એસેમ્બલી અને ટ્રેક્શન બોન્ડનું રિપ્લેસમેન્ટ.

કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં): 5,26,08,960/-

બિડ સિક્યોરિટી (રૂ.માં): 4,13,100/-

ટેન્ડર દસ્તાવેજોની કિંમત અને પૂર્ણતાનો સમયગાળો: પૂર્ણતાનો સમયગાળો 18 મહિના

ટેન્ડર નક્કી થયા મુજબ: ટેન્ડર સમાપ્તિ તારીખ 29/10/2025 અને બંધ થવાનો સમય તે જ તારીખે 15-00 કલાકે.

વેબ પેજ વિગતો અને સ્થાન માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો અને કાર્યાલયનું સરનામું અને સ્પષ્ટતા જોઈ શકાય છે: ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ Tr.D) વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા -390004

Website @ www.ireps.gov.in BRC 204

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## પશ્ચિમ રેલ્વે

**વિવિધ કાર્યો**

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ -400008 દ્વારા સિનિયર નં. 1. ટેન્ડર સૂચના નં. BCT/25-26/237, તા. 25.09.2025. કાર્ય અને સ્થાન: ઉકાઈ સોનગઢ - જલગાંવ વિભાગ: નંદુરબાર - એક વર્ષના સમયગાળા માટે 747600 લિટર/દિવસના ભાવે કોન્ટ્રાક્ટરોના પોતાના સ્ત્રોતમાંથી રેલ્વે ઓવરહેડ ટાંકીમાં પીવાના પાણીનો પુરવઠો. કામની અંદાજિત કિંમત: ₹ 78,61,499.94. EMD: ₹ 1,57,200/- ક્ર.નં. 2. ટેન્ડર સૂચના નં. BCT/25-26/238, તા. 25.09.2025. કાર્ય અને સ્થાન: ઉકાઈ સોનગઢ - જલગાંવ વિભાગ: નરદાણા યાર્ડ - ધુળે - નરદાણા નવી લાઇન પ્રોજેક્ટ (50.060 કિ.મી.) સાથે જોડાયેલા ટ્રેક બિછાવે અને અન્ય માર્ગ કામો. કામની અંદાજિત કિંમત: ₹ 68,51,506.95. EMD: ₹ 1,37,000/-. બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા. 22.10.2025 ને 15:00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 22.10.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0642

અમને લાઇક કરો: facebook.com/WesternRly



## પશ્ચિમ રેલ્વે

**મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ**

**વિવિધ મટીરીયલ સપ્લાય**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર S/62/2025 તારીખ 23.09.2025**

| ક્રમ | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|
| 542 | ચાર V ડીપ ગ્રુવ એક્સલ પુલી એસેમ્બલી | 544 નંગ | 17-ઓક્ટો.-25 |
| 543 | આર્ટિક્યુલેટેડ સ્ફેરોઇલાસ્ટિક રબર | 1159 નંગ | 21-ઓક્ટો.-25 |
| 544 | ડાયનેમિક બ્રેકિંગ રેઝિસ્ટર (DBR) | 50 નંગ | 22-ઓક્ટો.-25 |
| 545 | લોક એસ્લીનો સેટ | 89 નંગ | 22-ઓક્ટો.-25 |
| 546 | ફ્લેપ ડોર એરેન્જમેન્ટ | 2428 નંગ | 22-ઓક્ટો.-25 |
| 547 | ઓહે પાવર પ્રેઝન્સ/એબ્સન્સ ઇન્ડિકેટર | 272 નંગ | 23-ઓક્ટો.-25 |
| 548 | વિનાઇલ કોટેડ અપહોલ્સ્ટરી ફેબ્રિક (કૃત્રિમ ચામડું) | 44134 મીટર | 23-ઓક્ટો.-25 |
| 549 | ઇલેક્ટ્રોનિક રેક્ટિફાયર કમ | 91 નંગ | 27-ઓક્ટો.-25 |
| 550 | અર્થિંગ કાર્બન બ્રશ, પેન હેડ | 2626 નંગ | 27-ઓક્ટો.-25 |
| 551 | હિટાચી ટ્રેક્શન મોટર માટે 23 દાંતની પિનિયન | 180 નંગ | 27-ઓક્ટો.-25 |
| 552 | ઇન્ટરવ્હીક્યુલર કપ્લર્સ એસેમ્બલીનો પુરવઠો | 4 સેટ | 29-ઓક્ટો.-25 |
| 553 | કપ્લર એસેમ્બલી | 5 સેટ | 03-નવેમ્બર.-25 |
| 554 | હોરિઝોન્ટલ બોરિંગ અને મિલિંગ મશીન | 2 નંગ | 10-નવેમ્બર.-25 |
| 555 | એન્ટિ વાઇબ્રેશન માઉન્ટિંગ પેડ (AVM) | 8506 નંગ | 19-નવેમ્બર.-25 |
| 556 | બોડી ટુ બોગી કનેક્ટિંગ સ્વિંગિંગ લિંક | 11532 નંગ | ૦1-ડિસેમ્બર-25 |
| 557 | એન્ટિ રોલ બાર | 1433 નંગ | ૦3-ડિસેમ્બર-25 |

**શુધ્ધિ પત્ર**

કૃપા કરીને ટેન્ડર નોટિસ નંબર S-44-2025, તારીખ: 11-07-2025 માટે "30.09.205" તરીકે નિયત તારીખ અને "28619 સેટ" તરીકે જથ્થો વાંચો. ક્રમાંક 379 પર


વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0638

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

# ગુજરાતના મંત્રીમંડળમાં ૧૭ માં થી ૧૪ મંત્રીઓની ખુરશી જવાની સંભાવના: કેટલાક મંત્રીઓની નબળી કામગીરીને લઈ બાદબાકી થઈ શકે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગઈ કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ દ્વારા સંયુકત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં મંત્રી મંડળના વિસ્તરણનો સવાલ પુછતા બંનેએ મગનુ નામ મરી ન પાડયું અને હસતા હસતા જતા રહ્યા પરંતુ ગાંધીનગરમાં મંત્રી મંડળમાં વિસ્તરણની મોટાપાયે હલચલ દેખાઈ રહી છે. જો કે હાલ ચર્ચા છે કે કેબિનેટમાં રહેલા ૧૬ મંત્રીઓમાંથી કેટલાકની હકાલપટ્ટી નકકી જ છે પરંતુ કેટલાક એવા છે જેમની ખુરશી સહી સલામત રહેશે.



ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મંત્રી મંડળમાં વિસ્તરણની શકયતા લાંબા સમયથી હતી પરંતુ નવરાત્રીની શરૂઆત પહેલા વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ ની મુલાકાતો હતી. આ પરીવર્તન અંગે ચર્ચા તેજ બની ગઈ છે. આગામી દિવસોમાં કોઈ મોટો સુધારો જોવા મળે તેવી અપેક્ષા છે. જેમાં અનેક મંત્રીઓને દુર કરાશે. શકયતા છે કે ૧૭ માં થી ૧૩ થી ૧૪ મંત્રીઓને મંત્રી મંડળમાંથી દુર કરવામાં આવશે. ભાજપ ગુજરાતમાં મોટી સર્જરી કરી શકે છે. જેમાં નવા મંત્રીઓ માટે આ નામોની ચર્ચા થઈ રહી છે. ભાજપના સૌથી મજબુત ગઢ ગણાતા ગુજરાતમાં દિવાળી પહેલા મોટા રાજકીય ફેરબદલની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની મુલાકાતો બાદ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અન્ય બે થી ત્રણ મંત્રીઓ સિવાય સરકારમાં રહેલા અન્ય તમામ મંત્રીઓને બદલી શકાય છે. આ અટકળો એવા સમયે જોર પકડી રહી છે જયારે રાજયભરના મુખ્ય શહેરોમાં મ્યુનિસીપલ કોર્પોરેશનો અને નગરપાલિકાઓની ચુંટણીઓ યોજાવવાની છે.

ગુજરાત સરકાર પાસે કુલ ૧૭ મંત્રીઓની ટીમ છે, જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો પણ સમાવેશ થાય છે. એવી અટકળો છે કે ૧૩ થી ૧૪ મંત્રીઓને દુર કરવામાં આવશે. આ પાછળનુ કારણ એ છે કે આ મંત્રીઓ તેમના પર મુકેલા વિશ્વાસ પર ખરા ઉતરવામાં નિષ્ફળ ગયા છે. ૨૦૨૨ માં ભુપેન્દ્ર પટેલના બીજા કાર્યકાળ પછી સરકારમાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ કેટલાક એવા પણ છે જેમનુ મંત્રી પદ બચી શકે છે પરંતુ તેમનુ પોટફોલીયુ દબલાઈ શકે છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ ગૃહમંત્રી ને પ્રમોશન આપી તેમની પાસેથી ગૃહ ખાતુ લઈ લેવામાં આવે તેવી પણ ચર્ચાએ જોર પકડયુ છે. કારણ કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિને જોતા અને આગામી વિધાનસભાની ચુંટણીઓને લઈ ગૃહમંત્રીને પ્રમોશન આપી ખુશ રાખી પોટફોલીયુ બદલી શકે છે. આ નેતાઓ સરકારની કામગીરી માં ખરા ઉતર્યા છે તો કયાંક ને કયાંક તેમની કામગીરી વખાણવા લાયક છે. પક્ષને પણ તેમની કામગીરીથી સંતોષ છે. આ કારણે જ કેટલાક મંત્રીઓની ખુરશી સલામત હોવાનુ મનાય છે. નવા ચહેરાઓમાં સુચવે છે કે જયેશ રાદડીયા, અલ્પેશ ઠાકોર, અમિત ઠાકરે અને હાર્દિક પટેલ જેવા યુવા ચહેરાઓને ભુપેન્દ્ર પટેલ કેબિનેટમાં સ્થાન મળી શકે છે. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા અર્જુન મોઢવાડીયાને મંત્રી બનવાની પ્રબળ અપેક્ષા છે, વધુમાં વડોદરાના કેયુર રોકડીયાને પણ મંત્રીપદ માટે વિચારવામાં આવી રહ્યુ છે. કારણ કે તેમણે કાઉન્સિલર અને ત્યારબાદ મેયર તરીકે સેવા આપી છે. વધુમાં તેઓ શહેરની સમસ્યાઓની સારી સમજ ધરાવે છે તો બીજી તરફ અરવલ્લી જિલ્લામાંથી મંત્રી ભીખુસિંહ પરમારની બાદબાકી કરવામાં આવે છે. તો તેની સામે સાબરકાંઠા જિલ્લામાંથી મંત્રી મંડળમાં સ્થાન ન મળે તેવી શકયતાઓ પ્રબળ બની છે. સાબરકાંઠા જિલ્લાની ૩-૩ બેઠકો જિલ્લાની પ્રજાએ ખોબેખોબા મત આપી ભાજપના ખોળામાં આપી હોવા છતાં જિલ્લા સાથે ઓરમાયુ વર્તન દાખવવામાં આવતુ હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. કારણ કે નજીકના સમયગાળામાં ૧૭ તાલુકાઓ ના અસ્તિત્વમાં પણ ઈડર તાલુકાના જાદર ગામને તાલુકો બનાવવામાંથી બાદબાકી કરવામાં આવી છે.

# રાજયના માર્ગ મકાન વિભાગના ૨૧ કાર્યપાલક ઈજનેરોની બદલી : ૫૧ નાયબ કાર્યપાલક ઈજનેરોને અપાયા પ્રમોશન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે વર્ગ -૧ ના અધિકારી માં ફરજ બજાવતા ૨૧ અધિકારીઓની બદલી કરવામાં આવી છે અને નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે વર્ગ -૨ માં ફરજ બજાવતા ૫૧ ઈજનેરને વર્ગ ૧ માં પ્રમોશન આપવામાં આવ્યા છે. ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સેકશન ઓફીસર દ્વારા આ સંદર્ભે કરવામાં આવેલા હુકમમાં બદલીના લીસ્ટમાં ૨૧ માં થી સૌરાષ્ટ્ર કચ્છના જે ૩ ઈજનેરો છે તેમાં જુનાગઢના અભિષેક ગોહિલ , રાજકોટના સુરેશ કરમટા અને દ્વારકાના યોગેશ્વર મોરેનો સમાવેશ થાય છે. નાયબ કાર્યપાલક ઈજનેર સીવીલ વર્ગ ૨ ના જે ૫૧ ઈજનેરોને પ્રમોશન આપવામાં આવ્યા છે અને વર્ગ ૧ માં પ્રમોશન મેળવનાર આવા ઈજનેરોમાં સૌરાષ્ટ્ર કચ્છના જે છે તેની વાત કરીએ તો જુનાગઢના સુરેશ ચારણીયા , નલીયાના એમ એ ટોપીવાલા, નખત્રાણાના બાબુભાઈ પ્રજાપતિ, રાજકોટના નિરવ પીપળીયાનો સમાવેશ થાય છે. બદલી અને બઢતી મેળવનાર ઈજનેરોને તાત્કાલીક અસરથી ફરજમુકત કરીને નવી જગ્યાએ હાજર થવા સુચના આપવામાં આવી છે. આ માટે જે તે વિભાગના વડાને આ અંગેની પુરેપુરી માહિતી સરકારને તથા વિભાગને તાત્કાલીક ઈમેઈલ મોકલવા અને સીટીસી ની એક નકલ પણ મોકલવા સુચના આપવામાં આવી છે. સામાન્ય રીતે તહેવારોના દિવસોમાં બદલી કરવાનુ ટાળવામાં આવતુ હોય છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી નવરાત્રીના તહેવારોમાં બદલીઓ અને બઢતીઓની મોસમ ખીલી હોય તેમ એક પછી એક આવા ઓર્ડર થઈ રહ્યા છે. આવા ઓર્ડરમાં પ્રોમશન મેળવનાર અધિકારીના તહેવારો સુધરે છે પરંતુ વહિવટી કારણોસર જેમની બદલી થાય છે તેમાંથી અમુકના તહેવારો બગડતા હોવાનો કચવાટ પણ વ્યકત કરવામાં આવ્યો છે. જો કે સરકારમાં બદલી / બઢતી જેવી બાબતો ટીન અને નિરંતર ચાલતી પ્રક્રિયા સમાન હોવાનુ જણાવવામાં આવે છે.

### અમદાવાદમાં ૩૮૫ પીજી સંચાલકોને કોર્પોરેશનની નોટીસ :

# પીજી ચલાવવા માટે હવે પોલીસ વેરીફીકેશન અને સોસાયટીનુ એનઓસી આપવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ગેરકાયદેસર રીતે ચાલતા પેઈંગ ગેસ્ટ (પીજી ) આવાસને નિયંત્રિત કરવા માટે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણયો લેવામાં આવ્યા છે.




અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીએ જાહેર કર્યુ છે કે હવેથી પીજી આવાસ ચલાવતા તમામ સંચાલકોએ પોલીસ વેરીફીકેશન અને જે તે સોસાયટીનુ નો ઓબ્જેકશન સર્ટીફીકેટ (એનઓસી) મેળવવુ ફરજીયાત રહેશે. આ નવા નિયમનો ભંગ કરનાર સંચાલકો વિરૂધ્ધ કોર્પોરેશન દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા મુજબ હવે નિયમ ભંગ બદલ માત્ર દંડ નહી પરંતુ જો સંચાલકો આ બંને દસ્તાવેજો રજુ કરવામાં નિષ્ફળ જશે તો કોર્પોરેશન પીજી આવાસ ખાલી પણ કરાવી શકશે. કોર્પોરેશન દ્વારા શહેરમાં હાથ ધરાયેલા સર્વે માં કુલ ૪૦૧ પીજી આવાસ ચાલતા હોવાનુ બહાર આવ્યુ છે જેમાંથી ૩૮૫ પીજી સંચાલકો પાસે એનઓસી ન હોવાથી તેમને કોર્પોરેશન તરફથી નોટીસ ફટકારવામાં આવી છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ મુખ્યત્વે નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, ચાંદખેડા, રાણીપ અને સાબરમતી સહિત અનેક વોર્ડમાં ચાલી રહી છે.

નોંધનીય છે કે છેલ્લા ઘણા સમયથી રહેણાંક સોસાયટીના રહીશો અને પીજી સંચાલકો વચ્ચે ટ્રાફીક, પાર્કિંગ અને સામાજિક સમસ્યાઓને લઈને ઉગ્ર મતભેદો બહાર આવ્યા હતા. જેના કારણે આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના આ નિર્ણય બે મુખ્ય હેતુઓ પર કેન્દ્રીત છે. જેમાં પોલીસ રજીસ્ટ્રેશન ફરજીયાત હોવાથી પીજીમાં રહેતા વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ ની માહિતી પોલીસ પાસે ઉપલબ્ધ રહેશે. જેનાથી સંભાવિત ગુન્હાહીત પ્રવૃત્તિઓ પર લગામ કસી શકાશે, સોસાયટીની એનઓસી ફરજીયાત હોવાથી રહેણાંક વિસ્તારોમાં પીજીને કારણે થતી ટ્રાફીક, પાર્કિંગ અને અન્ય સામાજિક અસુવિધાઓ પર નિયંત્રણ આવી શકશે. શહેરનો વિકાસ થતા બહારથી આવતા હજારો વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ ને સુરક્ષિત રહેઠાણ મળી રહે તે માટે પણ કોર્પોરેશનનો આ પ્રયાસ આવકારદાયક છે. નવા નિયમોનુ કડક પાલન થવાથી શહેરીજનોને પીજી સમસ્યામાંથી મુકિત મળશે.

# રાજય સરકારની આગામી ચિંતન શિબિર દક્ષિણ ગુજરાતમાં યોજાશે : મહત્વના મુદાઓ અંગે થનારૂ મંથન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર તરફથી સતત ચિંતન શિબિરોનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ચાલુ વરસે એટલે કે આગામી તા. ૧૩ થી ૧૫ નવેમ્બર દરમિયાન વલસાડ જિલ્લાના ધરમપુર નજીકના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ચિંતન શિબિર યોજાવવાની છે. આગામી આયોજીત ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાવવાની છે. જેમાં રાજય સરકારના મંત્રી મંડળના મંત્રીઓ તેમજ વરીષ્ઠ સચિવ અને સનદી અધિકારીઓની સહભાગીમાં ચિંતન શિબિર યોજાવવાની છે. આગામી ચિંતન શિબિર ત્રિદિવસીય માટે યોજાવવાની છે. મહત્વનુ છે કે આગામી આયોજીત ચિંતન શિબિરની થીમ સામુહિક ચિંતનથી સામુહિક વિકાસ તરફની રહેવાની છે. આગામી આયોજીત ચિંતન શિબિર માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મહત્વની બેઠક પણ યોજાઈ હતી. જેમાં ઉચ્ચ સ્તરીય બેઠકમાં ચિંતન શિબિરના આયોજન અંતર્ગતના સંબંધીત સુચનો પણ કરવામાં આવ્યા હતા. આગામી આયોજીત ચિંતન શિબિરમાં પોષણ અને જાહેર આરોગ્ય સર્વિસ સેકટરમાં વૃધ્ધિ અને વૈવીદીકરણ જેવા વિવિધ મુદાઓ પર મંથન થવાનુ છે. જયારે વિકસિત ગુજરાત માટે કેપીસીટી બિલ્ડીંગ, જાહેર સલામતી, હરીત ઉર્જા અને પર્યાવરણ સહિતના વિવિધ વિષયો ઉપર ચિંતન અને મનન આ ત્રિદિવસીય આયોજીત શિબિરમાં યોજાશે. આગામી ચિંતન શિબિરનો મુખ્ય આશ્રય રાજય વહિવટને વધુ લોકાભિમુખ અને કાર્યક્ષમ બનાવવા માટેનો છે. જેમાં વહિવટી તંત્રમાં જનસેવાની સંસ્કૃતિ વસાવવા માટેનુ ચિંતન શિબિરનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે. વિતેલા વરસોમાં રાજય સરકારના ઘણા જનલક્ષી નિર્ણયો પણ લેવામાં આવ્યા છે, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ ચિંતન શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩ થી ચિંતન શિબિરનો પ્રારંભ થયો હતો જે આજદીન સુધી અકબંધ જોવા મળી રહ્યો છે. રાજયના લોકોની સુખાકારી અને પ્રજાલક્ષી કાર્યો માટે કેવા કામો કરીને લોકોની સેવા થઈ શકે તે ઉદ્દેશ સાથે ચિંતન શિબિર યોજાતી હોય છે. જો કે વર્ષ ૨૦૨૪ માં ત્રિદિવસીય ચિંતન શિબિર સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે યોજાઈ હતી. જેમાં રાજયમાં રોજગારીની તકો, ગ્રામ્યસ્તરે આવક વૃધ્ધિ, સરકારી યોજનાનો અભિગમ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ જેવા વિવિધ વિષયોને લઈને મંથન થયુ હતું.



### સાબરકાંઠા બેંકની યશ કલંગીમાં વધુ એક સોનેરી ઈતિહાસ લખાયો

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૧૩૩ શાખાઓના વિશાળ માધ્યમથી બેંકીંગ સેવાઓ પુરી પાડતી સાબરકાંઠા બેંકની યશ કલંગીમાં વધુ એક સોનેરી ઈતિહાસ રચાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

તાજેતરમાં બેંકીંગ ફ્રન્ટીયર મેગેઝીન દ્વારા ગોવા ખાતે આયોજીત સમારોહમાં બેંકના લોકલાડીના ચેરમેન શ્રીમતી હંસાબેન મુકેશભાઈ પટેલને બેસ્ટ વુમન ચેરપર્સન તરીકે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ બેસ્ટ કમ્પલાઈન્સ ટ્રાન્સર્ફોમેશન ઈન લાર્જ ડીસીસીબી કેટેગરીમાં એવોર્ડ આપી બેંકને સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને એવોર્ડ બેંકના વાઈસ ચેરમેન અને અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ ભીખાજી ઠાકોર અને બેંકના એડવાઈઝર ટુ ધી બોર્ડ હરેશભાઈ પટેલ દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવ્યા હતા. વળી સોનામાં સુગંધ મળે એમ અટલ પેન્શન યોજનામાં બેસ્ટ પરફોર્મન્સ માટે ગુજરાતની તમામ જિલ્લા બેંકોમાં સર્વોત્તમ કામગીરી માટેનો વર્ષ ૨૦૨૪-૨૫ નો એવોર્ડ પણ પીએફઆરડીએ, નવી દિલ્હી દ્વારા તાજેતરમાં વડોદરા ખાતે સાબરકાંઠા બેંકને આપવામાં આવ્યો હતો. આ ત્રણેય એવોર્ડ બેંકના વાઈસ ચેરમેન અને તમામ બેંકના ડીરેકટરો દ્વારા બેંકની નિયામક મંડળની તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજની મીટીંગમાં બેંકના લોકલાડીલા ચેરમેન શ્રીમતી હંસાબેન મુકેશભાઈ પટેલને લોકાર્પણ કરી તેઓના કુશળ નેતૃત્વને બિરદાવેલ છે. આ પ્રસંગે બેંકના સમગ્ર નિયામક મંડળ દ્વારા બેંકના તમામ કર્મચારીઓની પ્રમાણિક અને સુંદર કામગીરીને બિરદાવી મુકત કંઠે પ્રશંસા કરી હતી.




# આજે સમગ્ર ગુજરાતમાં ઓપરેશન સિંદુરના ગુંજશે ગરબા: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કરાઈ જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અત્યારે શકિતની આરાધનાનુ પર્વ નવરાત્રી ચાલી રહી છે અને હવે આજ નવરાત્રી પર્વ પર ગુજરાતમાં ઓપરેશન સિંદુરના ગરબા ગુંજવાના છે, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમના ઈન્સ્ટ્રાગ્રામ હેન્ડલ પર પોસ્ટ કર્યુ છે કે આજે તા. ૨૮ સપ્ટેમ્બરે સમગ્ર ગુજરાતમાં ઓપરેશન સિંદુર ગરબાનો પડઘો ગુંજશે.તેમણે રાજયના લોકોને આજે રવિવારે રાત્રે ૧૧ થી ૧૧:૧૦ વાગ્યા સુધી ઓપરેશન સિંદુરની યાદમાં રચિત ગરબા ગાવા વિનંતી કરી છે.



જયારે ઓપરેશન સિંદુર ગરબાનો પડઘો સમગ્ર ગુજરાતમાં એક સાથે ગુંજશે, ત્યારે તે એક અદ્યેત વાતાવરણ બનાવશે, હું બધા આયોજકો , કલાકારો અને ગરબા કાર્યક્રમોના સહભાગીઓને અપીલ કરૂ છુ, ચાલો આપણે બધા સાથે મળીને ઓપરેશન સિંદુર ગરબા ગાઈએ અને ભારતની શકિતને ઉજાગર કરીએ. ભુપેન્દ્ર પટેલે કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વમાં ભારતીય સેનાના બહાદુર સૈનિકોએ ઓપરેશન સિંદુર દ્વારા આતંકવાદીઓનો યોગ્ય જવાબ આપ્યો છે, રાષ્ટ્રની માતાઓ અને બહેનોની રક્ષા કરવાના સંકલ્પ સાથે આપણા નાયકોએ સમગ્ર વિશ્વને નવા ભારતની શકિતનો પરીચય કરાવ્યો છે, હાલમાં નવરાત્રી ઉત્સવ દરમિયાન શકિતની ભકિત સાથે, આપણે દરરોજ ઉત્સાહથી ગરબા ગાઈએ છીએ, તો ચાલો આપણે પણ આજે રવિવારે રાત્રે ૧૧ થી ૧૧:૧૦ વાગ્યા સુધી ઓપરેશન સિંદુરની યાદમાં રચાયેલા ગરબા ગાઈએ.

# ગુજરાતની શાળાઓમાં પ્રિન્સિપાલોની ખાલી પડેલી ૫૦૦ જગ્યાઓ પ્રમોશનથી ભરવા ચાલતી હિલચાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર સહિત રાજયભરની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી આચાર્યોની જગ્યા ભરવા માટેની કવાયત શિક્ષણ વિભાગ દ્વારા શરૂ થઈ ગઈ છે.



ગાંધીનગરના ટોચના આધારભુત સુત્રોના કહેવા પ્રમાણે અત્યંત ટુંકા સમયગાળામાં એટલે કે દિવાળીના તહેવારો આસપાસ શાળાઓમાં ખાલી પડેલી ૫૦૦ જેટલા પ્રિન્સિપાલોની જગ્યા ભરાઈ જશે.

શાળાઓની જેમ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં પણ વર્ગ ૨ ના અધિકારીઓની ખાલી જગ્યાઓ ખાલી હોવાના કારણે વહિવટી કામગીરીને તેની ગંભીર વિપરીત અસર પહોચે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ૫૦૦ પ્રિન્સિપાલોની જગ્યા ભરવાની સાથોસાથ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ખાલી પડેલી વર્ગ ૨ ના અધિકારીઓની જગ્યા પણ શિક્ષકોમાંથી જ પ્રમોશન આપીને ભરવામાં આવશે તેવુ સુત્રો કહી રહ્યા છે. વર્ગ ૩ ના કર્મચારી તરીકે સરકારી શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી જે માધ્યમિક શાળાના શિક્ષકો ૯ વરસ કે તેથી વધુ નો અનુભવ ધરાવતા હશે અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૭ વરસ કે તેથી વધુનો અનુભવ ધરાવતા હશે તેવા શિક્ષકોને પ્રિન્સિપાલો તરીકે અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં વર્ગ ૨ ના અધિકારી તરીકે પ્રમોશન આપવામાં આવનાર હોવાનુ જાણવા મળે છે.

શિક્ષણ વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ ગયા સપ્તાહે સરકારે ખાલી પડેલી જગ્યા ભરવા માટેની તેની નવી પોલીસી જાહેર કરી દીધી છે અને આ મુજબ સીધી ભરતીથી તથા પ્રમોશનથી કેટલી જગ્યા ભરવી તેના માપદંડ અને રેસીયો જાહેર કરી દેવાયો છે. આ મુજબ આચાર્યોની ખાલી પડેલી ૫૦૦ જગ્યા પ્રમોશનથી ભરવામાં આવશે.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રિન્સિપાલોની જગ્યા લગભગ સમાન ધોરણે ખાલી રહી છે અને નજીકના ભવિષ્યમાં ભરાઈ જશે. સરકારી શાળાઓમાં ફરજ બજાવતા ૫૦૦ જેટલા શિક્ષકોની દિવાળી સુધરે તેવુ લાગે છે.

### ગુજરાત પોલીસની ઐતિહાસિક સફળતા

# ૫.૫૧ કરોડ પરત અપાવ્યા, ૮૦૪ કરોડનું આંતરરાષ્ટ્રીય સાયબર કૌભાંડ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતના નાગરિકોની પરસેવાની કમાણી પર તરાપ મારનારા સાયબર ગુનેગારો સામે રાજ્ય પોલીસે જંગ છેડી છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ગુજરાત પોલીસની બેવડી સફળતા જાહેર કરી. પ્રથમ સફળતામાં, છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને રૂ.૫.૫૧ કરોડથી વધુની જંગી રકમ પરત અપાવવામાં આવી છે. જ્યારે બીજી મહત્ત્વની સફળતામાં, પોલીસે અંદાજે રૂ.૮૦૪ કરોડના આંતરરાષ્ટ્રીય સ્તરના સાયબર ક્રાઈમ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. મંત્રીએ આ સિદ્ધિ બદલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને રાષ્ટ્રીય સ્તરે પણ આ કામગીરીની પ્રશંસા થઈ હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત પોલીસે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ દ્વારા અનેક નાગરિકોને તેમની લૂંટાયેલી રકમ પરત અપાવી છે. પોલીસે રિકવર કરેલી રકમમાં નીચેના મહત્ત્વપૂર્ણ કેસોનો સમાવેશ થાય છે:

વડોદરાનો કેસઃ એક સિનિયર સિટીઝનને નફાની લાલચ આપી વીમા કંપનીઓના નામે છેતરવામાં આવ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને તેમના રૂ.૪.૯૧ કરોડ સફળતાપૂર્વક ફ્રિઝ કરાવી પરત અપાવ્યા.

અમદાવાદનો કેસઃ અમદાવાદના એક સિનિયર સિટીઝન મહિલાને નકલી પોલીસ અધિકારી બનીને 'ડિજિટલ અરેસ્ટ'ની ધમકી આપીને ૧૨ દિવસ સુધી SKYPE પર નજરકેદ રાખી રૂ.૪૮ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. પોલીસે આ આખી રકમ પણ પરત અપાવી છે.

ટ્રેડિંગ એપ ફ્રોડઃ "ROCKCREEAK" નામની નકલી ટ્રેડિંગ એપ દ્વારા એક પરિવાર સાથે થયેલી ?૧૨.૭૦ લાખની છેતરપિંડીના નાણાં પણ પોલીસે રિકવર કર્યા છે.

ગુજરાત પોલીસે દુબઈ, વિયેતનામ અને કંબોડિયાથી ઓપરેટ થતા એક વિશાળ આંતરરાષ્ટ્રીય સાયબર સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ સામાન્ય નાગરિકોને દોઢ-બે ટકા (૧.૫-૨%) કમિશનની લાલચ આપીને તેમના બેંક ખાતા અને સિમકાર્ડ મેળવતી હતી અને તેનો ઉપયોગ દેશભરમાં છેતરપિંડી કરવા માટે કરતી હતી.

# ભાજપે જુઠ્ઠાણું ચલાવીને સત્તા મેળવી હતીઃ સાબરકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યને પગે પડી માફી માંગી

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડર ટાઉન હોલમાં નિવૃત્ત શિક્ષકના સન્માન સમારોહમાં સાબરકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ પૃથ્વીરાજ પટેલે જણાવ્યુ હતુ કે ઈડરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કરશનદાસ સોનેરીને હરાવવા માટે ૧૯૯૫ માં ભ્રષ્ટાચારનુ જુઠ્ઠાણું ફેલાવીને ભાજપે સત્તા મેળવી હતી. જે બદલ કરશનદાસ સોનેરીના પગે પડી પૃથ્વીરાજ પટેલે માફી માંગી હતી. જેને લઈને ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો છે.



ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ પૃથ્વીરાજ પટેલે જણાવ્યુ હતુ કે ઈડરના પૂર્વ કોંગ્રેસના ધારાસભ્ય કરશનદાસ સોનેરીની લોકચાહના ૧૯૯૫ માં ચરમસીમાએ હતી અને ચુંટણીમાં હરાવવા તેઓને મુશ્કેલ હતા. ૧૯૯૫ માં ભાજપના રમણલાલ વોરાને જીતાડવા માટે પૃથ્વીરાજ પટેલે ગામડે ગામડે સભાઓ કરીને પ્રચાર કર્યો હતો. ૨૫ વરસથી કોંગ્રેસના કરશનદાસ સોનેરીએ ઈડરની જનતાને મુર્ખ બનાવીને ભ્રષ્ટાચાર કર્યો છે અને ગોવામાં હોટલો ખરીદી છે. આ પ્રચારના કારણે ૧૯૯૫ માં કરશનદાસ સોનેરીની હાર થઈ હતી અને ભાજપે ઈડર બેઠક આંચકી લીધી હતી. હાલના ધારાસભ્ય રમણલાલ વોરાની ગાંધીનગર નજીક ૧૩ કરોડની જમીન ખરીદી છે.

તેમના પુત્રો હોટલ બનાવશે અને જો મને ઉદ્દઘાટનમાં આપશે તો જરૂર થી જઈશે તેવુ કહી પૃથ્વીરાજ પટેલે રમણલાલ વોરાને ટોણો માર્યો હતો.